અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 22, Dt.07-11-2023 (Tuesday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

ગુજરાતમાં તમામ હાઉસીંગ સોસાયટી સરકારી નિયંત્રણમાં આવશે

વિધાનસભાનાં આગામી સત્રમાં વિધેયક રજુ થશેઃ સહકારી રજીસ્ટ્રાર પાસેથી વહિવટ લઈને નવી રેગ્યુલેટરી રચાશે

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં હાઉસીંગ સોસાયટીઓને રેગ્યુલેટ કરવા તથા કામગીરીમાં સુધારો કરવાના ઉદેશ સાથે રાજય સરકારે નવો કાયદો દાખલ કરવાનાં ચક્રો ગતિમાન કર્યા છે.વિધાનસભાનાં આગામી સત્રમાં વિધેયક રજુ કરવામાં આવશે.જેમાં વિવિધ મુદ્દાઓ વિવાદ-તકરાર સંબંધી સ્પષ્ટ માર્ગદર્શીકા હશે.

રાજય સરકારના સુત્રોએ કહ્યું કે, ગુજરાતમાં હાલ સહકારી રજીસ્ટ્રારની માર્ગદર્શિકા નિયમો હેઠળ હાઉસીંગ સોસાયટીઓનું સંચાલન થાય છે. પરંતુ કેટલીક વિસંતગતાઓને કારણે વખતોવખત વિવાદ ઉદભવતા હોય છે. સુચિત નવા કાયદામાં સંચાલન-વહિવટી સંબંધી સ્પષ્ટતા કરાશે. ઉપરાંત ચૂંટણી, કારોબારી સભ્યોની નિયુકિત, રહેણાંકનાં વેચાણ સંબંધી વિવાદો, હિસાબોનાં ઓડીટ તેમજ

ફાયરસેફટી, ડ્રેનેજ જેવા સહકારી નિયમોના પાલન વગેરે મુદ્દાઓ પર ચોકકસ માર્ગરેખા નિયત હશે.

રાજય સરકારના એક સીનીયર અધિકારીએ કહ્યું કે, વિધેયકનો મુસદો તૈયાર કરવામાં આવી રહયો છે. હાઉસીંગ સોસાયટીની કામગીરી સાથે સંબંધ ધરાવતા વિભાગો પાસેથી પણ સુચનો અભિપ્રાયો મંગાવવામાં આવ્યા છે. આગામી વિધાનસભા સત્ર સુધીમાં તૈયાર થઈ જશે અને મંજુરી માટે ધારાસભામાં રજુ કરવામાં આવશે.

સુત્રોએ કહ્યું કે, હાઉસીંગ સોસાયટીને લગતા વિવિધ મુદ્દાઓ વિશે અધિકાર ક્ષેત્ર નકકી કરવામાં આવશે. કૃષિ અથવા અન્ય સહકારી મંડળીઓ કરતા હાઉસીંગ સોસાયટીની કાર્યવાહી વહીવટ અલગ હોય છે. હાઉસીંગ સોસાયટીનાં વહીવટ સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયેલા હોય છે. તેનો વહીવટ સતામંડળ હસ્તક રાખવાની વિચારણા છે અને સુચિત કાયદામાં તેની જોગવાઈ કરવામાં આવશે.

ગુજરાતમાં હાઉસીંગ સોસાયટીની સંખ્યા ઘણી મોટી છે અને તેને લગતા મુદ્દાઓ પર ધ્યાન દેવા કે સંચાલન કરવા સહકારી રજીસ્ટ્રાર પાસે પુરતુ કાર્યબળ અર્થાત કર્મચારીઓ નથી. સેંકડો હાઉસીંગ સોસાયટીનાં હિસાબોનું પણ વર્ષોથી ઓડીટ થયુ નથી.

દિલ્હીમાં હજુ ત્રણ દિવસ ઝેરી હવામાંથી રાહત નહી મળેઃ પ્રદુષણ ૧૬ ગણુ વધારે

નવી દિલ્હી,તા.૭

પાટનગર દિલ્હીમાં પ્રદુષણ કાબુમાં આવવાના બદલે સતત વધી રહ્યું છે. લોકો ઝેરી હવામા શ્વાસ લઈ રહ્યા છે. એક જ દિવસમાં ઝેરી વાયુમાં ત્રણ ગણો વધારો થયો હોય તેમ દિલ્હીવાસીઓને નોર્મલ કરતા ૧૬ ગણા ઝેર વાયુમાં શ્વાસ લેવાનો વખત આવ્યો હતો. ગઈકાલે આ પ્રમાણે નોર્મલ કરતા પાંચ ગણુ હતું.

દિલ્હીમાં હવામાં પ્રદુષણ કણ પીએમ ૨.૫૦ નું સ્તર ૨૪૩

માઈક્રોગ્રામ હતું. વિશ્વ આરોગ્ય સંગઠનોની મર્યાદા કરતા ૧૬ ગણુ વધારે હતું. હવામાં આટલી માત્રામાં પ્રદુષણથી આંખમાં બળતરા, શ્વાસ લેવામાં તકલીફ, નાક-ગળામાં ખારાસ જેવી સમસ્યા થતી હોય છે.

વિશ્વ આરોગ્ય સંગઠનના માપદંડ પ્રમાણે પીએમ ૨.૫ નું સ્તર ૧૫ માઈક્રોગ્રામથી વધુ ન હોવુ જોઈએ. પ્રમાણ વધી જવાનો અર્થ હવા પ્રદુષિત હોવાનો થાય છે. આ માપદંડના ધોરણે દિલ્હીની હવા ચકાસવામાં આવે તો ૧૬ ગણી પ્રદુષીત છે.

જોકે ભારતનાં માપદંડ અલગ છે.પીએમ ૨.૧ ના સ્તરમાં ૬૦ માઈક્રોગ્રામ હવાને શુદ્ધ ગણવામાં આવે છે અને તે દ્રષ્ટિએ હવા ચાર ગણી ઝેરી છે. આવતા ત્રણ દિવસ સુધી આ ખતરનાક સ્થિતિમાંથી રાહત મળવાની સંભાવના નથી. લોકો પણ ઝેરી હવાથી બચવા માટે માસ્ક પહેરવા લાગ્યા છે.

દિલ્હીમાં ખતરનાક પ્રદુષણ વચ્ચે બાંગ્લાદેશ-શ્રીલંકાનો વર્લ્ડકપ મુકાબલો યોજયો હતો મેચ પૂર્વે પ્રેકટીસ, દરમ્યાન ખેલાડીઓ પ્રદુષણથી બચવા માસ્ક પહેરીને મેદાને આવ્યા છે.

પેટ્રોલ-ડિઝલના ભાવ હાલ યથાવત જ રહેશે

૯૫ ડોલર સુધી ક્રુડ પહોંચે તો પણ ભારતીય રીફાઈનરીઓઃ ઓઈલ માર્કેટીંગ કંપનીઓ માટે સલામત સ્થિતિઃ વિશ્લેષણ

નવી દિલ્હી.તા.૭

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ તથા તેના પરિણામે જે રીતે વૈશ્વિક તનાવ વધી રહ્યો છે તે વચ્ચે ક્રુડતેલમાં ફરી એક વખત અનિશ્ચિતતાના વાદળો છે અને જો મધ્યપુર્વમાં ભડકો પહોંચે તો ક્રુડતેલના પરિવહનને પણ અસર થશે.

તો બીજી તરફ સાઉદી અરેબીયા અને અન્ય 'ઓપેક' સંગઠન હેઠળ આવતા તેલ ઉત્પાદક રાષ્ટ્રોએ તેનો ઉત્પાદન 'કાપ' જાળવી રાખવાનો નિર્ણય લીધો છે જેથી માર્કેટ પર દબાણ છે. આ સ્થિતિમાં જો ક્રુડતેલના ભાવ વધે તો પણ ઓઈલ માર્કેટીંગ કંપનીઓ પેટ્રોલ-ડિઝલના ભાવમાં હાલ કોઈ વધારો કરશે નહી તેવા સંકેત છે. એક તરફ પાંચ રાજયોની વિધાનસભા ચૂંટણીમાં આજે જ મતદાનનો પ્રથમ તબકકો શરુ થયો છે તથા આ માસના અંત સુધી મતદાન ચાલશે જેથી સરકાર પેટ્રોલ-ડિઝલના ભાવવધારાનું 'જોખમ' હાલ લઈ શકે નહી. ક્રુડતેલની કિંમતોમાં ફરી એક વખત ઉછાળ જોવા મળી રહ્યો છે અને ભારતીય બાસ્કેટમાં ક્રુડતેલની કિંમત ૪૭.૩૩ ડોલર પ્રતિ બેરલ છે જે મે માસમાં સરેરાશ ૭૮.૮૯ ડોલર રહી હતી. હજુ ઈઝરાયેલમાં હમાસ યુદ્ધનો મધ્યપુર્વમાં મર્યાદીત પ્રભાવ છે તથા ખાડીના દેશો પણ યુદ્ધમાં જવા ઈચ્છતા નથી.

અમેરિકા પણ તે નિશ્ચિત કરી રહ્યું છે કે યુદ્ધ વિસ્તરે નહી તેથી ક્રુડતેલ પણ ઉંચી સપાટી ભણી જતું નથી પણ ક્રુડતેલે ૧૩ માસનો રેકોર્ડ તોડીને નવો ઉંચો ભાવ જોવા મળે છે. ક્રુડતેલના ભાવમાં ૩૦%નો ઉછાળો જોવા મળ્યો છે પણ ૯૫ ડોલર સુધીના ભાવ સુધી ભારતની ઓઈલ રીફાઈનરીઓ તથા નવા ઓઈલ માર્કેટીંગ કંપનીઓ તે હાલના ભાવમાં કોઈ ખોટ કે નુકશાની જશે નહી. ઓઈલ માર્કેટીંગ કંપનીઓ લાંબા સમયથી ભાવ જાળવીને બેઠી છે તેમાં તેને થયેલા તગડો નફો પણ કારણ છે. ૧૮ માસથી ભાવ વધાર્યા કે ઘટાડવા વગર ઓઈલ માર્કેટીંગ કંપનીઓ બીઝનેસ કરતી રહી છે. તે કદાચ પ્રથમ વખત બન્યું છે અને સપ્ટેમ્બર કવાટરમાં ઓઈલ માર્કેટીંગ કંપનીઓ તેનો નફા માજીર્ન વધાર્યુ છે તે દર્શાવે છે કે તેમનું બેલેન્સશીટ મજબૂત છે.

છત્તીસગઢ - મિઝોરમમાં મતદાનનો પ્રારંભ : ઠેર-ઠેર લાંબી લાઈનો

મિઝોરમમાં એક તબક્કામાં તમામ ૪૦ બેઠકો અને છત્તીસગઢમાં ૨૦માંથી ૧૦ સીટો પર મતદાન : મિઝોરમમાં કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૮.૫૭ લાખથી વધુ મતદાતા ૧૭૪ ઉમેદવારોના ચૂંટણી ભાગ્યનો ફેંસલો કરશે

નવી દિલ્હી તા. ૭ :

પાંચ રાજયોમાં આજથી વિધાનસભાની ચૂંટણી શરૂ થઈ ગઈ છે. આજે છત્તીસગઢ અને મિઝોરમમાં મતદાન છે. છત્તીસગઢમાં ૨૦માંથી ૧૦ સીટો પર મતદાન શરૂ થઈ ગયું છે. બાકીની ૧૦ બેઠકો માટે ૮ વાગ્યે મતદાન શરૂ થશે. જયારે મિઝોરમમાં એક જ તબક્કામાં તમામ ૪૦ બેઠકો પર મતદાન થવાનું છે. ઘણા નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં મતદાન થવાના કારણે ચૂંટણી પંચે ત્યાં ૬૦ હજાર સુરક્ષા દળો તૈનાત કર્યા છે. ચૂંટણીના સંચાલન માટે ૨૫,૪૨૯ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મિઝોરમના લોકોને રેકોર્ડ સંખ્યામાં

મતદાન કરવા માટે અપીલ કરી હતી. તેમણે ટ્વિટર પર એક પોસ્ટમાં લખ્યું, 'હું ખાસ કરીને યુવાઓ અને પ્રથમ વખતના મતદારોને અપીલ કરૂ છું કે તેઓ તેમના મતની શકિતનો ઉપયોગ કરીને લોકશાહીના આ તહેવારને મજબૂત કરે.'

છત્તીસગઢની ૧૦ બેઠકો - મોહલા-માનપુર, અંતાગઢ, ભાનુપ્રતાપપુર, કાંકેર, કેશકલ, કોંડાગાંવ, નારાયણપુર, દંતેવાડા, બીજાપુર અને કોન્ટા પર સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થઈ ગયું છે, જે બપોરે ૩ વાગ્યા સુધી ચાલુ રહેશે. બાકીની ૧૦ બેઠકો ખૈરાગઢ, ડોંગરગઢ, રાજનાંદગાંવ, ડોંગરગાંવ, ખુજ્જી, પંડારિયા અને કવર્ધા બસ્તર, જગદલપુર અને ચિત્રકોટમાં સવારે ૮ વાગ્યાથી મતદાન શરૂ થશે અને સાંજે ૫ વાગ્યા સુધી ચાલશે. આજે જે ૨૦ બેઠકો પર મતદાન થવાનું છે તેમાંથી ૧૯ પર કોંગ્રેસનો કબજો છે. પાર્ટીએ પેટાચૂંટણીમાં આ ૧૯માંથી બે બેઠકો જીતી હતી.

મિઝોરમ વિધાનસભા ચૂંટણીમાં ૪૦ બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૮.૫૭ લાખથી વધુ મતદારો ૧૭૪ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. ચૂંટણીમાં ૧૮ મહિલા ઉમેદવારો પણ મેદાનમાં છે. સત્તાધારી મિઝો નેશનલ ફ્રન્ટ, મુખ્ય વિપક્ષ જોરમ પીપલ્સ મૂવમેન્ટ અને કોંગ્રેસે તમામ ૪૦ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. તે જ સમયે, ભાજપ અને નવોદિત આમ આદમી પાર્ટી ૨૩ અને ૪ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. ૨૭ અપક્ષ ઉમેદવારોએ પણ ચૂંટણી લડી છે.

છત્તીસગઢમાં પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૨૨૩ ઉમેદવારો મેદાનમાં છે, જેમાંથી ૨૫ મહિલાઓ છે. આ તબક્કામાં રાજયના ૪૦ લાખ ૭૮ હજાર ૬૮૧ મતદારો મતદાન કરશે. જેમાં ૧૯ લાખ ૯૩ હજાર ૯૩૭ પુરૂષો અને ૨૦ લાખ ૮૪ હજાર ૬૭૫ મહિલાઓ છે. આ સિવાય ૬૯ થર્ડ જેન્ડર પણ મતદાન કરવા જઈ રહ્યા છે. મતદાન હાથ ધરવા માટે, પ્રથમ તબક્કામાં ૫,૩૦૪ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે,

સેનામાં દરેક રેન્કમાં મહિલાઓને સમાન રીતે મેટરનિટી લીવ મળશે

નવીદિલ્હી,તા.૭

ભારતીય સેનામાં બધા રેન્કની મહિલાઓને માતૃત્વ, બાળ સાર સંભાળ અને બાળક દત્તક લેવા માટેની રજા તેના અધિકારી સમકક્ષોની સમાન મળશે.રક્ષામંત્રી રાજનાથસિંહે રજાના નિયમોના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

નિયમ જાહેર થઈ ગયા બાદ જ સેનામાં દરેક રેન્ક નૌસેના, વાયુ દળ, ભૂમીદળ, કાર્યરત દરેક મહિલાઓને આ પ્રકારની મેટરનિટી લીવ આપવામાં આવશે.આ નિયમ બધા પર લાગુ પડશે પછી તે મહિલા અધિકારી હોય કે સામાન્ય રેન્કની કર્મચારી.

રક્ષા મંત્રાલયે જણાવ્યું હતું કે, રજાના નિયમોના વિસ્તારથી સશસ્ત્ર દળોમાં સંબંધીત મહિલા વિશિષ્ટ પારિવારીક અને સામાજીક મુદ્દાઓના નિકાલમાં સરળતા રહેશે.

બાંગ્લાદેશ સીમાએ અપરાધો રોકવા મધમાખીઓને કરાશે તૈનાત!

બીએસએફે અજમાવ્યો અનોખો નુસખો

નવીદિલ્હી,તા.૭

ભારત બાંગ્લાદેશ સીમા પર તસ્કરી સહિત અન્ય અપરાધો રોકવા માટે સીમા સુરક્ષા દળોએ નવો અને અનોખો નુસખો શોધી કાઢયો છે. જે અંતર્ગત બીએસએફ (સીમા સુરક્ષા દળ) સીમા પર મધમાખીઓના પૂડા લગાવી રહ્યું છે. આ અનોખો પ્રયોગ સ્થાનિક લોકોને રોજગારીની તકો પણ ઉભી કરાવશે.

આ પ્રોજેકટ માટે બીએસએફે આયુષ મંત્રાલયને પણ સામેલ કર્યું છે. મંત્રાલયે બીએસએફને મધમાખીના પૂડા અને મિશ્ર ધાતુમાંથી બનેલ સ્માર્ટ વાડ પર લગાવવા માટે એક વિશેષજ્ઞતા પ્રદાન કરી છે.

બટાલીયનના કમાન્ડન્ટ સુજીત કુમારે જણાવ્યું છે કે, આયુષ મંત્રાલયને ઔષધીય છોડ ઉપલબ્ધ



કરાવવાનો અનુરોધ કરાયો છે. જેમાં ફુલ આવે છે. તેને મધમાખીઓના પૂડા પાસે લગાવવામાં આવી શકે છે. જેથી મધમાખી ખુબ જ માત્રામાં પરાગયજ કરી શકે.

અધિકારીએ જણાવ્યું હતું કે, અહીં અગાઉ તસ્કરોએ વાડ કાપવાના પ્રયાસ કર્યા છે. મધમાખીના પૂડા વાડ કાપવાની કોશિષ કરતા તસ્કરો માટે પ્રતિરોધક કામ કરશે.

હવે મેડિકલ ઈન્સ્યોરન્સમાં ક્લેમ મેળવવા માટે ૨૪ કલાક હોસ્પિટલમાં દાખલ રહેવું જરૂરી નથી

કેવા પ્રકારની સારવાર ફાયદાકારક રહેશે અને શું ગેરફાયદા છે? : કેટલાક રોગોની સારવાર માટે, ૨૪-કલાક હોસ્પિટલમાં દાખલ થવું જરૂરી રહેશે નહીં

નવી દિલ્હી,તા.૭ :

સ્વાસ્થ્ય વીમો હવે દરેક વ્યકિત માટે જરૂરી બની ગયો છે. કોરોના મહામારી બાદ તેના યુઝર્સની સંખ્યામાં પણ ઝડપથી વધારો થયો છે. પરંતુ, જયારે કંપનીઓ નિયમોને ટાંકીને દાવો નકારે છે ત્યારે વીમાધારકને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આવો જ એક નિયમ ૨૪ કલાક હોસ્પિટલમાં દાખલ છે, જેના વિના તમે કોઈપણ તબીબી દાવો લઈ શકતા નથી. વીમા નિયમનકારે આ દિશામાં મોટો ફેરફાર કરીને ગ્રાહકોને ભેટ આપી છે.

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી **(IRDAI)** એ કહ્યું છે કે હવે મેડિકલ ઈન્સ્યોરન્સમાં ક્લેમ મેળવવા માટે ૨૪ કલાક હોસ્પિટલમાં દાખલ રહેવું જરૂરી નથી. વીમા કંપનીઓએ આ માટે અલગથી જોગવાઈ કરવી પડશે. આ ક્લેમ ડે-કેર ટ્રીટમેન્ટ હેઠળ લઈ શકાય છે અને ૨૪ કલાક સુધી એડમિટ થયા વગર પણ તમે તમારી વીમા કંપની પાસેથી ક્લેમ મેળવી શકો છો. આ નિયમ વીમાધારકને ઘણી સુવિધા આપશે.

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર **IRDA** એ પણ હોસ્પિટલમાં દાખલ થવા અંગે સ્પષ્ટ વ્યાખ્યા આપી છે. **IRDA** એ કહ્યું છે કે દાવા માટે, વીમાધારક દર્દીએ ઓછામાં ઓછા ૨૪ કલાક હોસ્પિટલની સંભાળ હેઠળ પસાર કરવા પડશે, જેમાં કેટલાક અપવાદોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ડે-કેર નામનો નવો શબ્દ ઉમેરવામાં આવ્યો છે. આ હેઠળ, એવી સારવારનો સમાવેશ કરવામાં આવશે જેમાં ૨૪ કલાકની અંદર કોઈપણ સર્જરી પૂર્ણ થાય અથવા તેમાં એનેસ્થેસિયાનો ઉપયોગ કરવામાં આવે તેવી શરતો શામેલ હશે. આવા કિસ્સાઓમાં, ૨૪ કલાક માટે હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર રહેશે નહીં.

IRDAIનાનવા નિયમો હેઠળ અમુક પ્રકારની સારવારને આવરી લેવામાં આવી છે. આ હેઠળ, જો કોઈ એવી સારવાર છે જેમાં એનેસ્થેસિયાનો ઉપયોગ કરવામાં આવે છે, તો હોસ્પિટલમાં ૨૪ કલાક વિતાવ્યા વિના પણ ક્લેમ લઈ શકાય છે. આવી સારવારમાં ટોન્સિલ ઓપરેશન, કીમોથેરાપી, મોતિયાનું ઓપરેશન, સાઇનસ ઓપરેશન, રેડિયોથેરાપી, હેમોડાયલિસિસ, કોરોનરી એન્જીયોગ્રાફી, સ્કિન ટ્રાન્સપ્લાન્ટેશન અને ઘૂંટણના ઓપરેશનનો સમાવેશ થાય છે. હવે આવી સારવાર માટે વીમા ધારકને ૨૪ કલાક દાખલ થવાની જરૂર નથી.

ડે-કેર ટ્રીટમેન્ટ હેઠળ, વીમા કંપનીઓ તમને હોસ્પિટલમાં ૨૪ કલાક વિતાવ્યા વિના ક્લેમ આપશે, પરંતુ વીમાધારકને થોડું નુકસાન પણ સહન કરવું પડશે. આ નિયમ હેઠળ ડોક્ટરની કન્સલ્ટેશન ફી, ટેસ્ટ અને તપાસ ખર્ચ વગેરેનો સમાવેશ કરવામાં આવશે નહીં. આ કેટેગરીમાં બહારના દર્દીઓની સંભાળનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે અને કેટલાક ખર્ચને બાદ કર્યા પછી, વીમાધારક સરળતાથી બાકીનો દાવો કરી શકે છે.

ગુજરાત શિક્ષણ બોર્ડને મળ્યા નવા ચેરમેનઃ બંછાનિધિ પાનીને સોંપાયો વધારાનો ચાર્જ

અમદાવાદ,તા. ૭ : ગુજરાત શિક્ષણ બોર્ડના નવા ચેરમેનને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને નવા ચેરમેન મળ્યા છે.

બંછાનિધિ પાનીને શિક્ષણ બોર્ડના નવા ચેરમેન બનાવીને વધારાનો ચાર્જ સોપાયો છે. એ જે શાહે ચાર્જ છોડયા બાદ બંછાનિધિ પાનીને બોર્ડનો ચાર્જ સોંપાયો છે.

તમને જણાવી દઈએ કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન એ.જે શાહે અચાનક રાજીનામું ધરી દેતા અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે. તેમનું રાજીનામું સ્વીકારી લીધું છે. નિવૃત્ત **IAS** અધિકારી એ.જે. શાહ શિક્ષણ બોર્ડના ચેરમેન તરીકે છેલ્લા કેટલાય વર્ષોથી ફરજ બજાવી રહ્યા છે. તેઓ રાજકોટ મ્યુ. કમીશ્નર પદ પર પણ રહી ચૂકયા છે.

ગુજરાતમાં દર ૮ કલાકે હીટ એન્ડ રનમાં એક વ્યકિતનો ભોગ લેવાય છે

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં વધતી વાહન સંખ્યાથી વકરતી ટ્રાફીક સમસ્યા વચ્ચે દર આઠ કલાકે એક વ્યકિત 'હીટ એન્ડ રન'માં શિકાર બને છે. એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ દરમ્યાન દરરોજ ત્રણ લોકો માર્ગ દુર્ઘટનાનો શિકાર બન્યા હતા.

રાજયનાં ચાર મહાનગરો તથા ૩૩ જીલ્લાઓમાં હીટ એન્ડ રનમાં સૌથી વધુ ૯૪ મોત સાબરકાંઠા જીલ્લામાં નોંધાયા હતા. જયારે વસતીની ગણતરીનાં આધારે ચાર મહાનગરોમાં હીટ એન્ડ રનમાં સૌથી વધુ મોત રાજકોટમાં નોંધાયા હતા.

રાજય સરકારનાં રીપોર્ટ પ્રમાણે એપ્રિલ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૩ દરમ્યાન રાજયમાં હીટ એન્ડ રનનાં ૪૮૬૦ બનાવો બન્યા હતા અને તેમાં ૩૪૪૯ લોકોના મોત થયા હતા અને

૨૭૨૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ૭૧ ટકા બનાવો જીવલેણ હતા. ૨૦૨૦-૨૦૨૧ નાં કોવીડ વર્ષમાં હીટ એન્ડ રનનાં ૧૪૯૯ બનાવો બન્યા હતા તેની સરખામણીએ ૨૦૨૨-૨૩ માં ૧૭૩૦ બનાવો બન્યા હતા.

રાજય સરકારનાં દાવા પ્રમાણે વાહનો માટે સ્પીડ લીમીટ નિયત થઈ છે. ટ્રાફીક વિશે જાગૃતિ સર્જતું અભિયાન પણ વખતોવખત હાથ ધરવામાં આવશે. મારફાડ ઝડપે દોડતા વાહનોને પકડવા સ્પીડવાનનો ઉપયોગ કરવામાં આવે જ છે.

માર્ગ સુરક્ષા નિષ્ણાંતોના કહેવા પ્રમાણે મોટાભાગનાં મોત અકસ્માત પાછળ ઓવરસ્પીડ જવાબદાર હોય છે. જયારે રસ્તાની ડીઝાઈન તથા વાહન ચાલકોને યોગ્ય જ્ઞાન આપવાનું વધુ મહત્વનુ છે. હીટ એન્ડ રનમાં ભોગ બનતા લોકોને સમયસર સહાય પણ મળતી નથી

દક્ષિણ ભારતમા ખોડલધામ સેવા સંકુલ નિર્માણના સંકલ્પ સાથે દક્ષિણ ભારત મુકામે

નરેશ પટેલના સાનિધ્યમા પાટીદારો ઉમટી પડયા

ખોડલધામ સહિત સમાજના તમામ સેવાકિય સંકુલોમા ચાલતી સામાજીક સેવાઓ સર્વજન સુખાયે, સર્વજન હિતાયે કોઇપણ જ્ઞાતીના ભેદભાવ વગર ચાલે છે અને ચાલુ રહેશે

ખોડલધામનુ કાર્યક્ષેત્ર માત્ર ધાર્મિકતા પૂરતુ સિમીત નથી. શૈક્ષણિક, સામાજીક અને તબિબિ સેવાઓ પ્રદાન કરવામા પણ ખોડલધામ અગ્રેસર રહ્યું છે

પાટીદાર સમાજ હંમેશા અન્ય તમામ સમાજને સાથે રાખીને ચાલશે અને તમામ માટે હરહંમેશ મદદરૂપ થઇ સતત આગળ વધતો રહેશે

કાર્યક્રમમાં દક્ષિણ ભારતના ૧૦૦ થી વધુ શહેરોના પાટીદારો એકત્રીત થઇ એકામતે એકાજૂથે તન, મન અને ધનથી સહયોગ આપવા સંકલ્પ કરેલ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)
રાજકોટ,તા.૭

શ્રી સમસ્ત લેઉઆ પટેલ સમાજ બેંગ્લોર'' દ્વારા તા.૨૯/૧૦ ના રોજ શ્રી કલ્યાણી કલામંદિર, બનારઘાટા રોડ,બેંગ્લોર શહેર મુકામે ખોડલધામ સેવા સંકુલ બનાવવા માટેની પૂર્વ તૈયારી અર્થે સ્નેહમિલન અને ગરબાનુ ભવ્ય જાજરમાન કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમા દક્ષિણ ભારતના ૧૦૦ થી વધારે શહેરોના પાટીદારો ઉમટી પડયા હતા અને એકામતે એકાજુથે તન, મન અને ધન થી સહયોગ આપવા માટે રાજીપો વ્યકત કર્યો હતો.

સૌરાષ્ટ્ર ખોડલધામના ટ્રસ્ટીઓ અને સમાજ શ્રેષ્ઠીઓને મુખ્ય મહેમાન તરીકે શ્રી સમસ્ત લેઉઆ પટેલ સમાજ બેંગ્લોર તરફથી ભાવભર્યુ નિમંત્રણ મળતા-નરેશભાઇ પટેલની સંગાથે સૌરાષ્ટ્ર ખોડલધામથી બકુલભાઇ સોરઠીયા, શૈલેષભાઇ અકબરી તથા ભરતભાઇ બોદરે હાજરી આપેલ હતી. આ ઉપરાંત અનેક મહાનુભાવોએ આ કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમને વધારે ગૌરવશાળી બનાવેલ.

સન્માનનો પ્રત્યુતર આપતા આજના કાર્યક્રમના મુખ્ય મહેમાન ખોડલધામના પ્રમુખ, નરેશભાઇ પટેલએ જણાવેલ કે, કોઇપણ સેવાકાર્ય માટે સકારાત્મક અભિગમ ધરાવતા શ્રેષ્ઠીઓનો સહકાર અનિવાર્ય છે અને આપણા સદનસીબ છે કે, આપને સકારાત્મક અભિગમ ધરાવતા સમાજ શ્રેષ્ઠીઓ મળી રહે છે અને તેઓ તન, મન અને ધન થી નિષ્કામ ભાવે સેવા પ્રદાન કરી રહ્યા છે. આજના કાર્યક્રમમા પણ દક્ષિણ ભારતના સમાજ શ્રેષ્ઠીઓ સેવા યજ્ઞ માટે એકામતે એકાજુથે હાજર રહ્યા છે તે બાબત દર્શાવે છે કે સેવા યજ્ઞનો આરંભ ઉત્સાહજનક છે.

આ પ્રસંગે ખોડલધામના પ્રણેતા નરેશભાઇ પટેલએ વધુમા જણાવ્યુ હતુ કે, પાટીદાર હંમેશા બધા જ સમાજને સાથે રાખીને ચાલનારો સમાજ છે. ખોડલધામ સહિત સમાજના તમામ સેવાકિય સંકુલોમા ચાલતી સામાજીક સેવાઓ સર્વજન સુખાયે, સર્વજન હિતાયે કોઇપણ જ્ઞાતીના ભેદભાવ વગર ચાલી રહી છે. આપણી સેવાના સિમાડા માત્ર લેઉઆ પટેલ સમાજ પુરતા જ સિમીત હોવા જોઇએ નહી, લેઉઆ પટેલ સમાજ અન્ય તમામ સમાજને હરહંમેશ મદદરૂપ થઇ આગળ વધી રહ્યો છે અને આગળ વધશે તેવી હું માં ખોડીયારને પ્રાર્થના કરૂ છું.

તેમજ નરેશભાઇ પટેલએ કહેલ હતુ કે, જ્ઞાતીના ભેદભાવ વગર કોઇપણ સમાજના સભ્યોને સેવા કાર્યમા કોઇપણ પ્રકારની તકલીફ નહી પડે તેવી હરહંમેશા અમારી અપેક્ષા રહેશે. કયારેય પણ લેઉઆ પટેલ સમાજ દ્વારા અન્ય કોઇ સમાજનુ અહિત નહી થાય તેવી ખેવના રાખી રહ્યા છીએ અને રાખવી જોઇશે અને જ્યારે પણ સમાજ ઉપર કોઇપણ પ્રકારની આફત આવશે કે કોઇપણ મદદની જરૂરીયાત હશે ત્યારે હરહંમેશા અમો હાજર રહીશુ અને રાત દિવસ મહેનત કરી સમાજ માટે ઉમદા કાર્ય કરીશુ,

શ્રી સમસ્ત લેઉઆ પટેલ સમાજની સ્થાપક સમિતીના પ્રમુખ દિનેશભાઇ મુંગરાએ જણાવેલ કે, નરેશભાઇ પટેલએ થોડા સમય પહેલા જ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત વિગેરે પ્રદેશોની જ્ઞાતીના ભેદભાવ વગર તમામ ગુજરાતીઓને લાભ મળી શકે તેવા આશયથી નવા ખોડલધામ સંકુલ સ્થાપવા માટે મલાકાત લીધેલ અને આ સાથોસાથ અવનવા પ્રોજેકટની જાહેરાત પણ કરેલ હતી તેમજ હાલમા જ પાટીદારોના ચેરિટેબલ ટ્રસ્ટ સરદારધામે રાજકોટમા એક બેઠક યોજેલ અને રૂા.૨૦૦ કરોડના ખર્ચે શૈક્ષણિક કેમ્પસ સ્થાપવાની જાહેરાત કરેલ તેમજ સંસ્થાએ સૂચિત કેમ્પસ માટે રાજકોટના અમરેલી ગામ, પાટણના સાંડેર ગામ અને નર્મદા જીલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસેના ભૂમાલિયા ગામમાં જમીનની શોધખોળ કરેલ તેમજ અમદાવાદ અને સુરતમાં પણ સૂચિત કેમ્પસ માટે જમીનની શોધખોળ ચાલી રહી છેતે સરાહનીય છે.આ કાર્યક્રમમાં નરેશભાઇ પટેલની સાથોસાથ શ્રી કચ્છ વાગડ લેઉઆ પટેલ સમાજના આગેવાન અને મુંબઇથી પધારેલ ભચુભાઇ પટેલ તથા કચ્છ વાગડ લેઉઆ પટેલ સમાજ બેંગ્લોરના પ્રમુખ અંબાલાલ પટેલ પણ ઉપસ્થીત રહ્યા હતા.

કાર્યક્રમમાં દક્ષિણ ભારતમાં વસતા લેઉઆ પટેલ સમાજના અંદાજે ૧૧૦૦ થી વધુ સભ્યો જોડાયા હતા સાથોસાથ શ્રી સમસ્ત લેઉઆ પટેલ સમાજની સ્થાપક સમિતીના પ્રમુખ દિનેશભાઇ મુંગરા, ઉપપ્રમુખ શૈલેષભાઇ ગજેરા, સંજયભાઇ ઠુમ્મર અને લલિતભાઇ ઢોલરીયા, સચિવ પ્રશાંતભાઇ સોરઠીયા, ઉપ સચિવ મુકુંદ પીપળવા, ખજાનચી હિતેશભાઇ ઝાલાવાડિયા, ઉપ ખજાનચી શૈલેષભાઇ વઘાસિયા તેમજ સભ્ય તરીકે પરેશભાઇ પીપરીયા, રાહુલ બાલઘા, બિપીનભાઇ ડોબરીયા, રાજુભાઇ મોણપરા, અલ્પેશભાઇ ગજેરા, અનિલભાઇ હિરપરા, રમેશભાઇ વોરા, મહેશભાઇ ઘડુકની હાજરી થી આ કાર્યક્રમ વધારે સફળ બનેલ.

કાર્યક્રમને વધારે સફળ બનાવવા માટે પ્રખ્યાત કાર્યકર્તાઓની ટીમ જેવી કે, જય જવાન, જય કિશાન, જય સરદાર, જય પાટીદાર અને રાણી લક્ષ્મીબાઇ (મહિલા સમિતી) એ પણ ભારે જહેમત ઉઠાવી સરાહનીય સાથ સહકાર આપેલ અને કાર્યક્રમને વધારે ગૌરવશાળી બનાવેલ. ''શ્રી સમસ્ત લેઉઆ પટેલ સમાજ'' દ્વારા આયોજીત કરવામાં આવેલ ગરબા અને સ્નેહમિલન કાર્યક્રમ શ્રી ખોડલધામના પ્રણેતા નરેશભાઇ પટેલ, બેંગ્લોર પટેલ સમાજના પ્રમુખ આંબાલાલ પટેલ, સ્થાપક સમિતીના સભ્યો અને અનેક કાર્યકર્તાઓ તેમજ દક્ષિણ ભારતના શહેરોના પાટીદારોની હાજરીથી અને સહયોગથી ખૂબ જ રોમાંચક અને જાજરમાન રહેલ અને ભવ્યાતીભવ્ય રીતે સંપન્ન થયેલ.

શહેર ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા

વોર્ડવાઈઝ પ્રમુખ,મહામંત્રી અને શહેર કારોબારીની નવી ટીમ જાહેર

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)
રાજકોટ,તા.૭

સંગઠન સંરચના અંતર્ગત સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી અને પ્રદેશ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, રાજકોટ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ મયંકભાઈ નાયક તેમજ રાજકોટ શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રભારી યોગેશભાઈ ગઢવી સાથે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી,મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે અને વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના સાથે બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીતભાઈ વાડોલીયા, મહામંત્રી જે.પી.ધામેચા અને બાબુ માટીયાએ વિચાર વિમર્શ કરી શહેર ભાજપની વોર્ડવાઇઝ બક્ષીપંચ મોરચાની વોર્ડવાઇઝ પ્રમુખ, મહામંત્રી અને શહેર કારોબારીની ટીમ જાહેર કરેલ છે.

આ વરણીને શહેર ભાજપ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ડો. ભરતભાઈ બોઘરા, બીનાબેન આચાર્ય, ઉદય કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, નયનાબેન પેઢડીયા, કમલેશ મીરાણી, અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના સાથે શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.વોર્ડ નં.૧પ્રમુખ નરેન્દ્રભાઈ સરવૈયા, મહામંત્રી લાલજીભાઈ બારૈયા, શહેર કારોબારી પ્રવિણભાઈ જેઠવા, વોર્ડ નં.૨ પ્રમુખ ભરતભાઈ કાઠી, મહામંત્રી લક્ષ્મણભાઈ ધોળકીયા, શહેર કારોબારી પંકજભાઈ જોશી, વોર્ડ નં.૩ પ્રમુખ રણધીરભાઈ સોનારા, મહામંત્રી અજયભાઈ સીપરીયા, શહેર કારોબારી સુનેશાભાઈ પરેશા,વોર્ડ નં.૪ પ્રમુખ અજયભાઈ લોખિલ, મહામંત્રી કિશનભાઈ મકવાણા, શહેર કારોબારી મયુરભાઈ ,વોર્ડ નં.૫ પ્રમુખ સતિષ સતાપરા, મહામંત્રી જીલુભાઈ સુસરા, શહેર કારોબારી ખોડુભાઈ સેગલીયા,વોર્ડ નં.૬ પ્રમુખ વિકી ટાંક, મહામંત્રી કમલેશભાઈ ભોરણીયા, વોર્ડ નં.૯ પ્રમુખ વિજયભાઈ શિયાળ, મહામંત્રી હિરેનભાઈ બોરીચા, શહેર કારોબારી શેલેષભાઈ જેઠવા, વોર્ડ નં.૧૦ પ્રમુખ રાજુભાઈ ગોસ્વામી, મહામંત્રી રવિન્દ્રભાઈ ગઢવી, શહેર કારોબારી રણજીતભાઈ ગોહીલ, વોર્ડ નં.૧૧ પ્રમુખ સુરેશ જાજુંવાડીયા, મહામંત્રી નિખીલ શિશાંગીયા, શહેર કારોબારી નાગજીભાઈ બાંભવા, શહેર કારોબારી વિજયભાઈ મેથાણીયા, વોર્ડ નં.૭ પ્રમુખ મયુર હેરમા, મહામંત્રી વિજય ચૌહાણ, શહેર કારોબારી નિતિન જરીયા, વોર્ડ નં.૮ પ્રમુખ ઉદયભાઈ સોલંકી, મહામંત્રી ગોપાલભાઈ મિર, શહેર કારોબારી વેલભાઈ ગમારા, વોર્ડ નં.૧૨ પ્રમુખ મહેશભાઈ અવાડીયા, મહામંત્રી વિરલભાઈ રાઠોડ, શહેર કારોબારી પ્રકાશ ગોંડલીયા, વોર્ડ નં.૧૩ પ્રમુખ અશોકભાઈ ડાભી, મહામંત્રી ગોપાલભાઈ ઝરીયા, શહેર કારોબારી રાજેશભાઈ ચોટલીયા, વોર્ડ નં.૧૪ પ્રમુખ જયદીપભાઈ દાવડા, મહામંત્રી આશિષભાઈ ટાંક, શહેર કારોબારી નરેન્દ્રભાઈ મકવાણા, વોર્ડ નં.૧૫ પ્રમુખ રામભાઈ સોલંકી, મહામંત્રી અનિલભાઈ ઓળકિયા, શહેર કારોબારી મહેશભાઈ રાજપરા,વોર્ડ નં.૧૬ પ્રમુખ અક્ષય અજાગીયા, મહામંત્રી હિતેશભાઈ દાચોટીયા, શહેર કારોબારી મનોજભાઈ ચાવડા, વોર્ડ નં.૧૭ પ્રમુખ હસુભાઈ વૈષ્ણવ, મહામંત્રી ચેતનભાઈ સિંધવ, શહેર કારોબારી મહેશભાઈ ડાંગર, વોર્ડ નં.૧૮ પ્રમુખ પ્રશાંતભાઈ જળુ, મહામંત્રી મુકેશભાઈ કવલ, શહેર કારોબારી વિજય સુસરા.

મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રૂા.૨૦લાખથી વધુની સહાય મંજુર

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર માનતા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)
રાજકોટ,તા.૭

ગુજરાત સરકાર દ્વારા કીડની, હૃદય, કેન્સર, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, લીવરના રોગ, થેલેસેમિયા મેજર, હૃદય ટ્રાન્સપ્લાન્ટ, જેવા ગંભીર રોગો ની સારવાર ઓપરેશન ખર્ચ ને પહોચી વળવા મુખ્યમંત્રી રાહતફંડ માંથી સહાય આપવામાં આવે છે. વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા સરકાર દ્વારા જુદા-જુદા ગંભીર રોગો ની સારવાર/ઓપરેશન માટે માનનીય મુખ્યમંત્રી રાહતફંડ માંથી રૂા.૨૦,૬૫,૦૦૦ મંજુર કરાવેલ છે ધારાસભ્ય ડો.દર્શિતા શાહને વિધાનસભા-૬૯ના જુદા-જુદા વિસ્તારમાંથી થયેલ રજુઆત અને નિયમ અનુસાર મળવા પાત્ર સહાય ના દર્દીઓની

રજુઆત અન્વયે તેઓ દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડ માં સંબધિત દર્દી માટે સરકારમાં લેખિત રજૂઆત કરી જુદા-જુદા દર્દીઓની આરોગ્ય સહાય કુલ રૂા. ૨૦,૬૫,૦૦૦ મંજુર કરાવેલ છે તેમજ ધારાસભ્ય ડો. દર્શિતા શાહ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો પણ જરૂરિયાતમંદ દર્દીઓને સહાય આપવા બદલ આભાર વ્યક્ત કરેલ છે.

મહિલા દૂધ ઉત્પાદક મંડળીનું આયોજન

મોટી પાનેલીમાં હજારો પુસ્તકો દ્વારા સંસદ ધડુક ધારાસભ્ય પાડલીયા ઉદ્યોગપતિ ભાલોડીયાની જ્ઞાનતુલા

તમામ પુસ્તકો શાળાના બાળકોમાં વહેંચાશે

મોટી પાનેલી,તા.૭

ઉપલેટા તાલુકાના મોટી પાનેલી ગામમાં આજે અનોખો ઋણ અર્પિત કાર્યક્રમ અત્રેની મહિલા દૂધ ઉત્પાદક મંડળી દ્વારા કરવામાં આવેલ અહીંના કે જે પટેલ હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં પાનેલી મહિલા દૂધ ઉત્પાદક મંડળીના મહિલાઓ દ્વારા સુંદર મજાનો કાર્યક્રમ એટલેકે જ્ઞાનતુલા કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં સંસદ રમેશભાઈ ધડુક ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ પાડલીયા તેમજ રાજકોટ ગેલેક્સી ગ્રુપના ઉદ્યોગપતિ રાજેશભાઈ ભાલોડીયાનું હજારો પુસ્તકો દ્વારા જ્ઞાનતુલા કરવામાં આવી હતી જે તમામ પુસ્તકો પાનેલી ગામ તેમજ

આજુબાજુના ગામની શાળાના તમામ બાળકોને અર્પિત કરવામાં આવશે આવું સુંદર આયોજન અને વિચાર બદલ દૂધ ઉત્પાદક મંડળીના મહિલા સભ્યોને સંસદ એ તેમજ ધારાસભ્ય એ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.અહેવાલ : અતુલ ચગ ૯૮૯૮૯૩૦૨૪૪.

સી.સી.રોડ,ભૂગર્ભ ગટર,ફૂટપાથ વગેરે કામો કરવામાં આવશે : મંત્રી કુંવરજીભાઈ

જસદણ શહેરનાં વિવિધ વિકાસ કાર્યો માટે રૂ. ૩.૫૫ કરોડની રકમ મંજૂર

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ તા.૭

જસદણ નગરપાલીકા વિસ્તારમાં સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ સરકારે રૂા.. ૩.૫૫ કરોડની રકમ મંજુર કરી છે આ કામો વહેલી તકે મંજુર કરવામાં કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ એમ.બાવળીયાની મહત્વની ભૂમિકા રહી છે. શહેરી વિસ્તારમાં મંજુર કરવામાં આવેલ કામોમાં (૧) આટકોટ રોડ ગેટથી પંચમુખી હનુમાન મંદિર સુધી ફૂટપાથના કામ માટે રૂ.૨૯.૮૭ (૨) વિંછીયા રોડ કમરીબાઈ પુલથી આરામગૃહ સુધી ફૂટપાથ બનાવવાના કામ માટે રૂા. ૨૭.૯૫ (૩) આરામગૃહથી વિંછીયા ગેઈટ સુધી ફટપાથ માટે રૂ.૨૯.૮૭ લાખ (૪) આટકોટ ગેઈટથી વિંછીયા ગેઈટ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ રૂા.૧૫.૬૩

લાખ (૫) ગઢડીયા રોડ સર્યવંદના સોસાયટી, ચંદુભાઈ દરજીના ઘરથી પાનની દુકાન સુધી સ્ટ્રોમ વોટર પાઈપલાઈન રૂા. ૨૨.૦૧ (૬) ગઢડીયા રોડ પાનની દુકાનથી ગઢડીયા ચોકડી દિપકભાઈ મંડીરની ફર્મ સુધી સ્ટ્રીમ પાઈપલાઈન રૂા.૨૪.૨૨ (૭) જીલેશ્વર પાર્ક આરામગૃહ સુધી સી.સી.રોડ (૮) વિછીયા રોડ આનંદધામ સોસાયટીમાં સી.સી.રોડ રૂા.૨૯.૦૭ (૮) પોલારપર મેઈન રોડ સી.સી.રોડ રૂા.૧૩.૭૪ (૯) પોલારપર રોડ હૂકડો સોસાયટી રવિભાઈ સતરંગ પાનથી રમેશભાઈના ઘર તરફ સી.સી.રોડ રૂા.૨૯.૯૮ જસદણ નગરપાલીકા વિસ્તારમાં વરસાદી નુકશાન પામેલા ડામર રોડ સી.સી.રોડના કામ માટે રૂા.૫૫.૭૫ લાખ મળી કુલ રૂા. ૩૫૫ લાખની રકમ મંજુર કરવામાં આવી છે. આ કામો મંજૂર થતા જસદણ શહેરની પ્રજાની સુખાકારીમાં વધારો થશે અને સુવિધાઓ મળશે. જસદણ શહેરમાં આનંદની લાગણી વ્યાપેલ છે અને લોકોએ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાનો આભાર વ્યક્ત કરેલ છે.

માણાવદર વિધાનસભાના ધારાસભ્ય લાડાણીના કાર્યાલયનું મેંદરડા ખાતે ઉદઘાટન

(જીગ્નેશ પટેલ દ્વારા)
માણાવદર,તા.૭

લોકો પોતાના પ્રશ્નોને વાચા આપી શકે તથા ધારાસભ્યને રૂબરૂ મળી શકે તેવા ઉમદા ઉદ્દેશ સાથે ૮૫ માણાવદર વિધાનસભાના કોંગ્રેસના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીના કાર્યાલયનું તેમના મતવિસ્તાર મેંદરડા ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ હીરાભાઈ જોટવાના હસ્તે ઉદઘાટિત કરીને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.આ ઉદઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જૂનાગઢના પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોશી તથા જુનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતભાઈ અમીપરા, મહામંત્રી વી.ટી.સીડા ખાસ હાજર રહ્યા હતા.

તેમજ મેંદરડા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ધીરુભાઈ કુંભાણી, શહેર પ્રમુખ પ્રફુલભાઈ ધ્રાંગડ, તથા કોંગી કાર્યકરો અને લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી લેખ

અમેરિકાની દરમિયાનગીરી ચીન-તાઈવાન વચ્ચે ઘર્ષણ વધારી દેશે?

ઈઝરાયલ-હમાસ, રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ વચ્ચે ચીનના તાઈવાન પર હુમલાનો ખતરો વધી રહ્યો છે. ચીનની સેના તાઈવાનને ચારે બાજુથી ઘેરીને સતત સૈન્ય અભ્યાસ કરી રહી છે. આ દરમિયાન અમેરિકા પણ સમજી ગયું છે કે ચીનના હુમલાનો ખતરો વધી રહ્યો છે. આ જ કારણ છે કે અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને તાઈવાન માટે ૮૦ મિલિયન ડોલરની નાણાકીય સહાય જાહેર કરી છે જેથી તે અમેરિકન સૈન્ય હથિયારો ખરીદી શકે. છેલ્લા ૪૦ વર્ષમાં આ પ્રથમ વખત છે જ્યારે અમેરિકાએ તાઈવાનને અમેરિકન હથિયાર ખરીદવા માટે તેના પૈસા આપ્યા છે. આ પગલાને લઈને ચીને ભ્રમર ઉભા કર્યા છે. અમેરિકાએ તાઈવાનને આ ૮૦ મિલિયન ડોલરની ગ્રાન્ટ આપી છે, લોન નહીં. વિશ્લેષકો કહે છે કે ૮૦ મિલિયન ડોલરની આ રકમ ફાઈટર જેટ ખરીદવા માટે પણ પૂરતી નથી પરંતુ તેનું સાંકેતિક મહત્વ ઘણું વધારે છે. ખરેખર, આ પૈસા અમેરિકન કરદાતાઓના પૈસા છે. અમેરિકા છેલ્લા ૪૦ વર્ષમાં પહેલીવાર આવું કરી રહ્યું છે જ્યારે તે એવા દેશને અમેરિકન હથિયાર ખરીદવા માટે પૈસા આપી રહ્યું છે જેને તે પોતે ઓળખતો નથી. તાઈવાને ૧૪ બિલિયન ડોલરના સૈન્ય શસ્ત્રો ખરીદવા માટે અમેરિકા સાથે પહેલેથી જ ઓર્ડર આપ્યો છે. અમેરિકાએ તેના ફોરેન મિલિટ્રી ફાયનાન્સ પ્રોગ્રામ હેઠળ તાઈવાનને પૈસા આપ્યા છે. અમેરિકા અગાઉ આ માર્ગ દ્વારા અફઘાનિસ્તાન, ઈઝરાયેલ, ઈજીપ્ત, ઈરાક અને અન્ય ઘણા દેશોને અબજો ડોલરની સહાય મોકલી ચૂક્યું છે. તાઈવાનને અત્યાર સુધી તેમાં સામેલ કરવામાં આવ્યું ન હતું. અમેરિકાએ ૧૯૭૯માં તાઈવાનની માન્યતા ખતમ કરી દીધી હતી પરંતુ તેને શસ્ત્રો વેચવાનું ચાલુ રાખ્યું હતું. અમેરિકાએ આ પગલું તાઈવાન રિલેશન એક્ટ હેઠળ ઉઠાવ્યું છે. તેનો ઉદ્દેશ્ય તાઈવાનને પર્યાપ્ત હથિયારો પૂરા પાડવાનો છે જેથી કરીને તે ચીનના કોઈપણ હુમલાનો પોતાની રીતે સામનો કરી શકે. જોકે, અમેરિકા તાઈવાનને એવા ઘાતક શસ્ત્રો પૂરા પાડતું નથી જેનાથી તે ચીનને ઉશ્કેરે. અમેરિકાની આ નીતિને છેલ્લા એક દાયકામાં ચીન તરફથી મોટા પડકારનો સામનો કરવો પડ્યો છે. ચીને ઘણાં ઘાતક હથિયારો બનાવી લીધા છે જેના કારણે અમેરિકાની જૂની ફોર્મ્યુલા હવે કામ કરી રહી નથી. આ જ કારણ છે કે અમેરિકાએ હવે તાઈવાનને ફરીથી સક્ષ કરવાની નીતિ શરૂ કરી છે. તાઈવાન પર ચીનના હુમલાનો ખતરો વધુ મજબૂત બની રહ્યો છે અને હવે તેને તાત્કાલિક સૈન્ય મદદની જરૂર છે. તાઈવાનની સત્તાધારી પાર્ટીનું કહેવું છે કે અમેરિકાનો આ નિર્ણય ચીનને સંદેશ છે કે અમે અને અમેરિકા સાથે ઉભા છીએ. અગાઉ, રાષ્ટ્રપતિ બિડેને તાઈવાનને ૫૦૦ મિલિયન ડોલરના શસ્ત્રોના વેચાણને મંજૂરી આપવા માટે તેમની સત્તાનો ઉપયોગ કર્યો હતો. અગાઉ, તાઈવાને તેની નવી સબમરીનનું અનાવરણ કર્યું હતુંજે તેણે અમેરિકન સહાયથી બનાવી છે. તાઈવાન તેની સેનાની બે બટાલિયનને અમેરિકામાં ટ્રેનિંગ માટે મોકલી રહ્યું છે. આ પણ ૧૯૭૦ પછી પહેલીવાર થવા જઈ રહ્યું છે. એટલું જ નહીં, તાઈવાનના સૈનિકોને તાલીમ આપવા માટે સેંકડો અમેરિકન સૈનિકો પણ હાજર છે. ચીને અમેરિકાના આ પગલાંનો સખત વિરોધ કર્યો છે.

અનેક ખાનગી શાળાઓએ દિવાળી વેકેશન ટુંકાવતા વિદ્યાર્થીઓમાં રોષ

વેકેશનમાં નિયમ વિરુદ્ધ જે શાળાઓ ચાલુ હશે તો બંધ કરાવીશું : રોહિતસિંહ

જીલ્લા શિક્ષણાધિકારીને કરાઈ રજૂઆત

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૭

હાલ દિવાળી તહેવારો નિમિતે સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી કે રાજ્યની તમામ શાળાઓમાં ૯ નવેમ્બરથી દિવાળી વેકેશન રહેશે.શિક્ષણ વિભાગ દ્વારા નિયત કરાયેલ શૈક્ષણિક કેલેન્ડર પ્રમાણે દિવાળી વેકેશન ૯ થી ૨૯ નવેમ્બર એટલે કે ૨૧ દિવસનું રહેશે. વેકેશન અંગેનો સરકારનો પરિપત્ર જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીથી સ્કૂલોને જાણ કર્યા બાદ પણ અનેક ખાનગી શાળાઓએ માત્ર ૧૦ દિવસનું વેકેશન જાહેર કરતા વિદ્યાર્થીઓમાં અને તેમના વાલીઓમાં રોષ ફાટી નીકળ્યો હતો અને આ અંગે વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતને ફરિયાદ કરતા તેઓએ જિલ્લા શિક્ષણ અધિકારીને પણ રજુઆત કરી હતી.

વિદ્યાર્થીનેતા અને કોંગ્રેસના ઝોનલ પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે આ અંગે વિશેષ જણાવ્યું હતું કે થોડા દિવસો પહેલા જ અમે જાહેર રજાઓમાં ચાલુ સ્કૂલોને બંધ કરાવી હતી અને તે બાબતે જિલ્લા શિક્ષણ અધિકારી તમામ સ્કૂલોને શો કોઝ નોટિસ ફટકારી હતી.દિવાળીના વેકેશન અંગે અમને વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની ફરિયાદ મળી છે કે દિવાળી વેકેશન ટૂંકાવીને માત્ર દસ દિવસનું જાહેર કર્યું અને તે બાબતે તમે અમને મદદ કરો.ઉલ્લેખનીય છે હાલના સમયમાં નાની વયના બાળકોમાં માનસિક તણાવમાં આવવાના,માનસિક બીમારીઓ અને આત્મહત્યાના કિસ્સાઓ વચ્ચે શિક્ષણવિભાગ દ્વારા જાહેર કરેલ વેકેશનના ઘણા ફાયદારૂપ કારણો હોય છે. મનોવૈજ્ઞાનિકો દ્વારા પણ તારણ કાઢવામાં આવ્યું છે કે બાળકોની માનસિક સ્વાસ્થ્ય માટે રૂટિન કાર્યો વચ્ચે નિયત સમયે બ્રેક લેવો જરૂરી છે તેમજ સાથો સાથ પરિવારજનો વચ્ચે સમય વિતાવવો ખુબ હિતકારક છે. હાલના સમયમાં મોટાભાગના બાળકો 'ડે સ્કૂલ સિસ્ટમ'માં અભ્યાસ કરતા હોય જેથી રાત્રે થાક્યા પાક્યા જ વહેલા ઊંઘી જતા હોય અને જેથી માતાપિતા કે પારિવારિક સભ્યો સાથે સમય વિતાવતા જ નથી હોતા તેમજ દિવાળીના વાર-તહેવારો નિમિતે વિદ્યાર્થીઓને પરિવાર સાથે બહાર ફરવા જવાનું હોય,કુટુંબી તેમજ પરિવારજનો બાળકો વેકેશન નિમિતે એકબીજા ઘરે અરસપરસ આવતા જતાં હોય,નોકરિયાત વાલીઓના બાળકોને પારિવારિક હૂંફ સહીતની બાબતોને ધ્યાનમાં રાખતા સ્કૂલ સંચાલકોએ જ સ્વેચ્છાએ ધો.૧ થી ૯ ના બાળકોને પૂર્ણ વેકેશન આપવું જોઈએ.

વધુમાં જણાવ્યું હતું બોર્ડના ધો.૧૦,૧૨ ના બાળકોને નજીકમાં પરીક્ષાઓ હોય તો તેનું શૈક્ષણિક કાર્ય ચાલુ રહે તેમાં અમારો કોઈ વાંધો કે વિરોધ નથી. અમે વિદ્યાર્થીઓની દિવાળી વેકેશન અંગેની ફરિયાદ જિલ્લા શિક્ષણ અધિકારીને બે દિવસ પહેલા જ ધ્યાન દોર્યું હતું કે જાહેર રજાઓ,વેકેશન અંગેનો શાળાઓ માટે પરિપત્ર તમે જાહેર કરો અને તેમાં ઉલ્લેખ કરો કે નિયમ ઉલાળિયો કરનાર સામે કેવા પ્રકારની કાર્યવાહી કરશો જેથી કોઈ ફરિયાદ જ આવે પરંતુ હજુ સુધી કોઈ પગલાં ના લેવાતા તે સ્પષ્ટ થયું કે ખાનગી શાળાઓ ઉપર શિક્ષણ અધિકારીનો કોઈ અંકુશ છે જ નહિ ! સરકારે સમગ્ર રાજકોટની શૈક્ષિણિક બાબતોની જેના પર જવાબદારીઓ સોંપી હોય તેવા શિક્ષણ અધિકારી જો ફરજનું વહન કરવા સક્ષમ ના હોય તો રાજીનામુ ધરી દેવું જોઈએ.અમે તમામ સ્કૂલ સંચાલકોને પણ વેકેશન અંગે સકાત્મારક વિચારણા કરવા અપીલ કરીયે છે નાના બાળકોને પૂર્ણ

વેકેશન આપવું જોઈએ તેમ છતાં જો દિવાળીના વેકેશન બાબતે જે શાળાઓ નિયમ વિરુદ્ધ ચાલુ રાખશે ત્યાં અમે કોંગ્રેસના યુવા અને વિદ્યાર્થી કાર્યકરોની ટીમ સ્કૂલ પર હલ્લાબોલ કરી બંધ કરાવશું અને જરૂર પડ્યે આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ તાળાબંધી પણ કરાવીશું તેવું અંતમાં જણાવ્યું હતું.

આર્ટીસ્ટ નિપતી પારેખે પ્રધાનમંત્રીને અર્પેલું પેઇન્ટીંગ્સ નેશનલ આર્ટ ગેલેરીના ઓકશનમાં મેદાન મારી ગયા

ઓકશનમાં જામ ટાવર પેઈન્ટીંગ્સ ૩૫ હજાર અને આલ્ફેડ હાઈસ્કુલ પેઈન્ટીંગ્સ ૫૧ હજાર જેવી માતબર કિંમતે વેંચાયા



(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૭

મીનીસ્ટ્રી ઓફ કલ્ચર, ભારત સરકારની નેશનલ ગેલેરી ઓફ મોર્ડન આર્ટ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને અર્પણ થયેલા મમેન્ટોસનું 'ઈ ઓકેશન'- નેશનલ ગેલેરી ઓફ મોર્ડન આર્ટ, નવી દીલ્હી ખાતે યોજાયું હતું. તા.૩૧ ઓક્ટો સુધી ચાલુ રહેલા આ ઓકશનમાં આ પેઈન્ટીંગ્સ જેમાં જામ ટાવર વાળુ ૩૫,૦૦૦અને આલ્ફેડ હાઈસ્કુલ વાળું ૫૧,૦૦૦ જેવી માતબર કિંમતે વેચાયા છે.તા.૨૭.૦૭ ના રાજકોટના આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ઉદ્ઘાટન પ્રસંગે પધારેલા પ્રધાનમંત્રીને આ પેઇન્ટીંગ શુભેચ્છા રૂપે અર્પણ કરવામાં આવ્યા હતા.

કેન્વાસ પર એકેલીક કલરો દ્વારા રચાયેલું આ પેન્ટીંગ ઐતહાસીક જામ ટાવરને માનાંજલી છે. રાજકોટના જાણીતા આર્ટીસ્ટ અને ઇન્ટીરીયર સ્ટાઈલીંગ ક્ષેત્રે આગવું નામ ધરાવતા નિયતિ પારેખ, બ્લેક એન્ડ વ્હાઈટમાં આ વિસરાયેલ સમયને કંડારી અદ્ભુત પેઈન્ટીંગ તૈયાર કર્યું હતું. સન ૧૮૮૦માં જામનગરના પરોપકારી રાજવી જામ વિભાજીએ આ ઘડીયાલ સાથેના ટાવરની અવિસ્મરણીય ભેટ બ્રીટીશ એજન્સીને આપેલી હતી. ઈતિહાસના પન્ને મુત્સીદીગીરી માટે મશહુર થયેલ આ ઐતાહાસીક વારસાને નિયતી પારેખએ કેન્વાસ પર આબેહુબ ઉતારી તેના દરેક સ્ટ્રોકમાં જીણવટ દાખવી, ઈતિહાસની આ અણમોલ સ્મૃતિને જીવંત કરી દીધી.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો અભ્યાસ જયાં થયો હતો તે સ્કુલ જે આલ્ફેડ હાઈસ્કુલ, હવે મહાત્મા ગાંધી મ્યુઝિયમ તરીકે ઓળખાય છે તેને શણ પર મોનોક્રોમેટીક કલરો દ્વારા આબેહુબ કંડાર્યું હતું. ગાંધીજીની રાજકોટ સાથેની આ ચિરંજીવ સ્મૃતિ સામાન આ ઐતહાસિક સ્મારકને પેઈન્ટીંગમાં ઉતારી ઈતિહાસને પૂર્ણ જીવીત કરનાર નિયતી પારેખનું આ પેઇન્ટીંગ આ ઓકશનમાં માતબાર કિંમતે વેચાયું હતું. પ્રધાનમંત્રીને મળેલી સ્મૃતિ ભેટોના ઓપ્શનમાં વિશ્વભરમાંથી લોકો, કલા રસિકો, એક્ષપર્ટ માગ લ્યે છે અને યોગ્ય કલાને બિરદાવે છે. આ ઓકશનમાં સ્થાન પામવું એ પણ ગૌરવ પ્રદ ઘટના છે. રાજકોટના આર્ટીસ્ટ નિયતી પારેખે ખરા અર્થમાં રાજકોટને ગૌરવભર્યું સ્થાન અપાવ્યું છે. નિયતી પર ચારેબાજુથી પ્રશંસાના ફુલો વરસી રહ્યાછે.

બોલબાલા ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક નિદાન કેમ્પ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૭

શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ અને શાંતિ હોસ્પિટલ દ્વારા સર્વરોગ નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન સંસ્થાના નવનિર્મિત 'બોલબાલા સેવા ભવન', વાણીયાવાડી ૪/૭માં યોજાય ગયો. જેમાં શાંતિ હોસ્પિટલના ડોકટરો ડો.બિપીન પટેલ, ડો.વિવેક પાતર, ડો.નિરજ દેસાઈ, ડો.અર્જુન જૈન, ડો.કુલદીપ પંચોલી, ડો.ઉદય ડોબરીયા, ડો.ઉર્વીકા પરમાર, ડો.નિરલ મહેતા ખાસ ઉપસ્થિત રહી કેમ્પના લાભાર્થી દર્દીઓને તપાસ્યા હતા. તેમજ યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડેલ હતું.

આ સેવાયજ્ઞના દિપ પ્રાગટય પ્રસંગે સંસ્થાના કર્તાહર્તા એવા જયેશભાઈ એ પ્રારંભિક ઉદબોધન કરીને સંસ્થાના આગામી કાર્યક્રમો, શ્રમયજ્ઞો, સેવાયજ્ઞો તેમજ મેડીકલ ક્ષેત્રે સંસ્થા દ્વારા ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓથી કેમ્પમાં ઉપસ્થિત લાભાર્થી, સેવાભાવી કાર્યકરો,

ડોકટર્સ તેમજ સમગ્ર ટીમને અવગત કરાવ્યા હતા. તેમજ જીંદગીમાં મેડીકલ ક્ષેત્રની ઉપયોગીતા ઉપર ભાર મુકેલ હતો. આ પ્રસંગે શાંતિ હોસ્પિટલના મેને.ડીરેકટર તેમજ સિનિયર કાન, નાક, ગળાના નિષ્ણાંત એવા ડો. નિરલ મહેતાએ સંસ્થાની અવિરત સેવાકીય પ્રવૃતિ બદલ ખુબ પ્રસંશા કરતા કહેલ કે સંસ્થાને જયારે પણ તબીબ મદદની જરૂર હશે ત્યારે તેઓ તેમજ તેમની સમગ્ર તબીબ ટીમ સંસ્થા માટે ઉપયોગી બનશે.

કેમ્પમાં રજીસ્ટ્રેશન કરાવવા શહેરમાંથી બહોળી સંખ્યામાં દર્દીઓ ઉપસ્થિ રહયા હતા જેમા તેમને નિઃશુલ્ક જનરલ ચેકઅપ, બ્લડ સુગર, હાઈટ, વેઈટ, કાન, નાક ગળાની તપાસ, હાડકાના દર્દોની સારવાર, થાઈરોઈડ, પ્રોસ્ટેટ, કેન્સર, સ્ત્રીરોગ, વગેરે અનેક અગણ્ય રોગ માટેની તપાસ અને સારવાર માટે દવા પ્રિસ્ક્રીપસન કરવામા આવેલ તેમજ રીપોર્ટ પછી પણ કોઈ દર્દીને ચેક-અપ કરવાની જરૂર પડયે હોસ્પિટલ દ્વારા હોસ્પિટલમાં સીફટ કરી અપાયા હતા.

હરિદ્વારમાં સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૭

રાધેકૃષ્ણ યાત્રા સંઘ દ્વારા દ્વારા ગીતા વિદ્યાલય પરિવારના સૌજન્યથી દેવભૂમિ હરિદ્વારમાં ગંગાતીરે ભારતમાતા આશ્રમમાં તા.૨૨ થી ૨૮ નવેમ્બર દરમ્યાન સામૂહિક શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરેલ છે. નૂતન વર્ષના મંગળ દિવસોમાં દેવઉઠી એકાદશી અને દેવદિવાળીના પવિત્ર દિવસોમાં આયોજિત આ ભાગવત કથામાં વક્તાપદે ભાગવતાચાર્ય શ્રીમન્હરલાલજી મહારાજના પુત્ર શાસ્ત્રી ડો.કૃષ્ણકુમાર મહેતા સંગીતમય શૈલીમાં આધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય કરીને ભાગવતજીના રહસ્યોનું સરળ સમજૂતી સાથે વર્ણન કરશે.તેમજ શુદ્ધ કથા,મૂળ-શાસ્ત્રોક્ત કથાની ત્રણ પેઢીની પરંપરાને અનુસરીને બોધદાયી દ્રષ્ટાંતો,



ભ્રૂણહત્યા,પર્યાવરણ, રાષ્ટ્રપ્રેમ, વ્યસનમુક્તિ, દહેજપ્રથા, વાચનટેવ વગેરેને આવરી લઈને લોકજાગૃતિનુ કર્તવ્ય નિભાવશે. સામૂહિક કથા યાત્રામાં મુખ્ય યજમાન રાજેશભાઈ નથવાણી,ભાવનાબેન જયેશભાઈ કોટેચા, શ્રોતાઓ, પોથીજીના યજમાનો, ૨૫ ભુદેવો, કાર્યકરો, સ્વયં સેવકો, કેટરિંગ સ્ટાફ સહિત ૩૫૦થી વધુ યાત્રિકો જોડાશે. જેમાં ૨૦ થી વધુ યાત્રિકો ૮૦ વર્ષથી મોટી ઉમરના છે. અત્રે એ ઉલ્લેખનીય છેકે આ ધાર્મિક યાત્રામાં સૌ પ્રથમ વાર યાત્રિકોના આરોગ્યની કાળજી માટે ડોક્ટર પૂરી યાત્રામાં સતત સાથે રહેશે. તા.૨૨ થી ૨૮ નવેમ્બર દરમ્યાનના આ પાવન આયોજનમાં યાત્રિકો કથાશ્રવણ, પોથીપૂજન,ગંગાતીરે પિતૃતર્પણ, દીપદાન, ગંગાસ્નાન, ભજનસંધ્યાનો લ્હાવો લેશે. આ યાત્રામાં જોડાનાર સર્વે યાત્રિકો માટે નિવાસ, ભોજનની ઉચિત વ્યવસ્થા કરેલ છે. કથામાં સતીચરિત્ર, નૃસિંહપ્રાકટ્ય, વામનજન્મ, રામજન્મ, કૃષ્ણજન્મ, ભવ્ય નંદમહોત્સવ, ગિરીરાજ ઉત્સવ, ગોપીગીત, તુલસી વિવાહ, રુકિમણી વિવાહ વગેરે પ્રસંગો ઉજવાશે.તેમ રાધેકૃષ્ણ યાત્રા સંઘ તથા ગીતા વિદ્યાલય પરિવારની યાદીમાં જણાવાયું છે.

રાજકોટ શહેર ભાજપ યુવા મોરચામાં સ્થાન નહીં મળતા રઘુવંશી સમાજ નારાજ

આજે સાંજે ભાજપ કાર્યાલયે રજૂઆત કરાશે

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૭

તા.૪ નવેમ્બરના રોજ રાજકોટ શહેર ભાજપ પક્ષ દ્વારા રાજકોટ શહેર યુવા ભાજપ ટિમ ના હોદેદારો ની નિમણૂક કરવામાં આવી જેમાં દરેક સમાજ ના યુવાનો ને સ્થાન આપવામાં આવ્યું છે .. પરંતુ રાજકોટ માં ૨.૫ લાખ કરતા વધુ વસ્તી ધરાવતા સમાજ ના એક પણ યુવાન ને હોદ્દો આપવામાં નથી આવ્યો.

૧૦-૧૦ વર્ષ ભાજપ માં કાર્યરત એવા રઘુવંશી યુવાનો ને પણ ટિમ ના હોદ્દાઓ માં બાકાત કરવામાં આવેલ છે.તો આજે તા.૭ મંગળવારના રોજ સાંજે ૫ વાગ્યે રાજકોટ ભાજપ કાર્યાલય - કમલમ (શીતલ પાર્ક , ૧૫૦ ફિટ રિંગ રોડ) ખાતે બહોળી સંખ્યા માં હાજર રહેવા વિનંતી છે.

આ આયોજન માં સમાજ ના સામાજિક અને રાજકીય અગ્રણીઓ પણ હાજર રહેવાના છે.તેમ રઘુવંશી યુવા શકિત સંઘ દ્વારા નિમંત્રણ પાઠવાયું છે.

સૌરાષ્ટ્ર યનિવર્સિટીના ગુજરાતી ભવનના અધ્યક્ષ તરીકે ડો.મનોજ જોશીને ચાર્જ સોપાયો

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભવનના અધ્યક્ષ તરીકેનો ચાર્જ ભવનના સિનીયર અધ્યાપક ડો. મનોજભાઈ જોશીને સોંપવામાં આવ્યો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા અગાઉ થયેલ આદેશ અનુસાર ડો. મનોજભાઈ જોશીને તેઓની મુળ જગ્યા પર પુનઃસ્થાપિત કરવામાં આવેલ હોય, ભવનના અધ્યક્ષપદનો ચાર્જ યુનિવર્સિટીના નિયમાનુસાર ડો. મનોજભાઈ જોશીને સોંપવામાં આવ્યો

રાજકોટ મહાનગરપાલિકા ૨૨ અધિકારી-કર્મચારીઓને પ્રમોશન

નિયમિત પગારધોરણ અને કાયમી કરવા અંગેના હુકમો એનાયત કરતા મ્યુનિ. કમિશનર

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૭

મહાનગરપાલિકાના કમિશનર આનંદ પટેલે તા.૦૬/૧૧ ના રોજ કુલ ૨૨ અધિકારીઓ અને કર્મચારીઓને પ્રમોશન, નિયમિત પગારધોરણમાં સમાવેશ અને જે તે જગ્યા પરની નિમણુંકને કાયમી કરવા અંગેના હુકમો એનાયત કર્યા હતા. જેમાં ફિક્સ પગારધોરણમાંથી નિયમિત પગારધોરણમાં સમાવેશ પામેલ ૭, કાયમી કરવામાં આવેલ ૮ અને પ્રમોશન મેળવેલ ૭ અધિકારી/કર્મચારીઓનો સમાવેશા થાય છે.આ પ્રસંગે પી.એ. ટુ કમિશનર અને ઈ.ચા. આસિસ્ટન્ટ કમિશનર એન.કે. રામાનુજ અને એસ્ટા શાખાના આસિસ્ટન્ટ મેનેજર વિવેક મહેતા સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ફટાકડા બજારમાં મંદીનું મોજું,ગત વર્ષ કરતાં ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો ભાવ વધારો

વેપારીઓ ગ્રાહકો વગર હવા ખાતા હોવાનો વસવસો

તસવીરઃ દિલીપ ગોહેલ

રાજકોટ,તા.૭

નવરાત્રીમાં મોકળા મને મોડી રાત્રી સુધી ઝુમનાર શહેરીજનોની દિવાળીની ઉજવણીમાં નિરસતા દેખાઈ રહી છે. ગ્રાહકો વગર શહેરના ફટાકડા બજારમાં વેપારીઓ હવા ખાતા હોવાનો વસવસો ખુદ વેપારીઓના મુખેથી રૂબરૂ મુલાકાત દરમિયાન સાંભળવા મળ્યો હતો. સિવાકાસીમાં બનતા અને રાજકોટ સુધી પહોંચતી ફટાકડાની અનેકવિધ વેપારીઓ બજારમાં ઉપલબ્ધ છે. પણ ઘરાકી વગર વેપારીઓના ચહેરાની ચમક ઝાંખી પડી ગઈ છે. સદર બજારમાં વર્ષોથી સીઝનલ વ્યવસાય સાથે જોડાયેલા વેપારીઓએ કહ્યું કે, દિવાળીના અગાઉના અઠવાડિયામાં ઘરાકીની લાવ લાવ થતી હોય છે. ગામડાની ઘરાકીમાં પણ લાઈનો લાગે છે. આવું આ વર્ષે કાંઈ જોવા મળતું નથી. ટ્રાન્સપોર્ટેશન થોડું મોંઘુ બનતા ફટાકડાનાં ભાવોમાં સરેરાશ ૧૦ થી ૧૫ ટકાનો ઉછાળો આવ્યો છે. પણ તેની સામે ઘરાકી નહીંવત જોવા મળી રહી છે. નાના નાના બોમ્બ, ચકરડી, થંભુ, તળતળીયા, જમીન ચક્કરી, રોકેટ જેવા ફટાકડામાં બાળકોની ધીમી ખરીદી શરૂ થઈ છે. એકંદરે ફટાકડા બજારમાં મંદીનું મોજું છવાયું હોવાનું ખુદ વેપારીઓ કહે છે. એક વેપારીએ કહ્યું કે, નવરાત્રીમાં ઉમંગભેર રાસ ગરબામાં ઝુમેલા શહેરીજનો હજુ દિવાળીના ફટાકડાની ખરીદી પ્રત્યે જાગ્યા નથી તે હકીકત છે.

આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના પ્રણેતા શ્રી શ્રી રવિશંકરજી દિવાળી ઉત્સવ નિમિતે ગુજરાત પધારી રહ્યા છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

આર્ટ ઓફ લિવિંગ સંસ્થા ના પ્રણેતા અને આધ્યાત્મિક ગુરુ, પૂજ્ય ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી, દિવાળી ઉત્સવ નિમિત્તે ૧૦ નવેમ્બર- ૧૪ નવેમ્બર દરમ્યાન ગુજરાત પધારી રહ્યા છે. ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી દ્વારા પ્રેરિત આર્ટ ઓફ લિવિંગ સંસ્થાનું મુખ્ય મથક ભારતમાં છે, ૧૮૦ જેટલાં રાષ્ટ્રોમાં આર્ટ ઓફ લિવિંગની સ્થાપના કરવામાં આવી છે. સંસ્થા દ્વારા, વિશ્વભરમાં અનેકવિધ સેવા કાર્યો પ્રયોજાઈ રહ્યાં છે. ગુરુદેવની પ્રેરણાથી દેશમાં વિવિધ આર્ટ ઓફ લિવિંગ આશ્રમ ખાતે નિઃશુલ્ક ગુરુકુળનું સંચાલન થઈ રહ્યું છે. અહી ૮ વર્ષના અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓ વેદ, આગમ, જ્યોતિષ, સંગીત, ખગોળશાસ્ત્ર, વિજ્ઞાન, ગણિત, સાહિત્ય, સંસ્કૃત, નાટ્યશાસ્ત્ર જેવા વિવિધ વિષયોનું અધ્યયન કરે છે. શ્રી શ્રી ગુજરાત આશ્રમ-વાસદ ખાતે પણ ગુરુકુળનું સંચાલન થઈ રહ્યું છે, તેનું વિધિવત ઉદ્દઘાટન ૪:૩૦ સાંજે, ગુરુદેવ શ્રી શ્રી ની ઉપસ્થિતિમાં થશે. ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી એ શ્રીમદ ભગવદ ગીતા, અષ્ટાવક્ર ગીતા, નારદ ભક્તિ સૂત્ર, શિવ સૂત્ર, કઠોપનિષદ, કેનોપનિષદ અને અન્ય ઉપનિષદ, નાસદીય સૂક્ત, સ્પંદ કારિકા, વિજ્ઞાન ભૈરવ જેવાં વિભિન્ન શાસ્ત્રોને સમજાવતી જ્ઞાન

'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે પધારેલ અશોકભાઈ ચંદારાણા, નિલેશભાઈ ચંદારાણા, અચ્યુતભાઈ જાની, કુશલ મેહતા તસવીરમાં નજરે પડે છે.

શિબિરોનું સ્વયં સંચાલન કર્યું છે, તેમનાં આશીર્વચન સાથે ગુરુકુળમાં વિદ્યાર્થીઓ મંગળ પ્રવેશ કરશે. ધનતેરસ ના શુભ દિવસે, ગુરુદેવની ઉપસ્થિતિમાં શ્રી શ્રી ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા વિધિપૂર્વક શ્રી ધન્વંતરિ હોમ કરવામાં આવશે. ૧૦૮ પ્રકારની વિવિધ ઔષધિઓની આહુતિ દ્વારા થતો આ વિશેષ હવન, પર્યાવરણને શુદ્ધ કરે છે અને આરોગ્યનું વરદાન આપે છે. આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા, આપણાં અન્નદાતા ખેડૂતો ઓર્ગેનિક ખેતીની વૈજ્ઞાનિક તાલીમ મેળવે અને જીવનમાં નિરાશાનો અનુભવ ન કરે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ સેવાકાર્ય અંતર્ગત ૨૨ રાજ્યોમાં, અંદાજિત ૨૨ લાખ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધી છે. સંસ્થાના પ્રયાસથી ૫૬૧૫૭ એકર ભૂમિનું, કૃષિ ઉપયોગી ભૂમિમાં રૂપાંતરણ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યના ખેડૂતો સાથે, સવારે ૧૦:૦૦ કલાકે યોજાનાર પરિષદમાં ગુરુદેવ શ્રી શ્રી સંવાદ કરશે તથા આશીર્વચન કહેશે. તેઓની સાથે જ, ગુરુદેવ આસપાસના ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લેશે. પ્રતિદિન વ્યક્તિનાં જીવનમાં ઉદ્ભવતી માનસિક વિટંબણાઓ, તણાવ અને નકારાત્મકતાને કઈ રીતે સહજતાપૂર્વક નિવારી શકાય એ માટે ગુરુદેવ શ્રી શ્રી એ એન ઈન્ટિમેટ નોટ ટુ સિન્સિયર સીકર પુસ્તકમાં જીવન સંબંધિત ૩૬૬ જેટલા વિવિધ વિષયો ઉપર સંક્ષિપ્તમાં સુંદર અંતરંગ સંવાદ કર્યો છે. એ જ રીતે, જ્ઞાન-ગંગા નામનાં કાર્યક્રમમાં સાંજે ૩:૩૦ કલાક એ ગુરુદેવ સાધકોના જીવન અને અધ્યાત્મ સંબંધિત વિવિધ પ્રશ્નોના ઉત્તર આપશે.

ગુરુદેવ શ્રી શ્રી કહે છે, વિશ્વ ધ્રુવીભવન, વિભાજન અને નિરાશાની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે કલા અને સાંસ્કૃતિક વિવિધતા થી સભર ઉત્સવ જ આપણને પરસ્પર નિકટ લાવશે. કલા અને સંસ્કૃતિ સકારાત્મક જીવન માટે મહત્વપૂર્ણ છે, તેથી જ આ દિશામાં આર્ટ ઓફ લિવિંગ દ્વારા નિરંતર વિવિધ કાર્યક્રમોનું આયોજન થતું રહે છે. તાજેતરમાં જ, સપ્ટેમ્બર-૨૦૨૩માં, આર્ટ ઓફ લિવિંગ દ્વારા, ચતુર્થ વિશ્વ સાંસ્કૃતિક સમારોહનું વોશિંગ્ટન ડીસી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં, વિશ્વભરમાંથી ૧૭૦૦૦ જેટલા કલાકારો એ, ૩૭ લાખ જેટલા દર્શકો સમક્ષ પોતાની કલા પ્રદર્શિત કરી હતી. ગુજરાત યાત્રા દરમ્યાન ગુરુદેવ રાજ્યના કલાકારો અને સર્જકો સાથે, સાંજે ૫ વાગ્યે સંવાદ કરશે અને આશીર્વચન કહેશે. ગુરુદેવ શ્રી શ્રી વીણાવાદન જાણે છે, તેમની પ્રેરણાથી સુમનેશરંજની નામક નવા રાગનું સર્જન થયું છે. દિપાવલીના શુભ દિવસે સવારે ૧૦:૦૦ કલાક એ ગુરુદેવની ઉપસ્થિતિમાં ગુજરાતના આદરણીય સંતો સાથે સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુરુદેવ શ્રી શ્રી સૌરાષ્ટ્ર-કચ્છના અગ્રણીઓ સાથે સંવાદ કરશે, તથા આર્ટ ઓફ લિવિંગ-ગુજરાત ના પ્રશિક્ષકોને મળીને આશીર્વચન આપશે. ત્યાર પશ્ચાત સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી વિશ્વ પરિભ્રમણ કરીને વસુધૈવ કુટુંબકમની ભાવનાનો પ્રસાર કરી રહ્યા છે અને એક વૈશ્વિક શાંતિદૂત ની ભૂમિકા નિભાવી રહ્યા છે. તેમનાં આ કાર્યને બિરદાવતાં ૨૯ જેટલા દેશોમાં વિભિન્ન દિવસે શ્રી શ્રી રવિશંકર દિન મનાવવામાં આવે છે. પદ્મવિભૂષણથી સન્માનિત ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી, ૨૬ જેટલી માનદ પીએચડી ડિગ્રી ધરાવે છે. તેમ સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે પધારેલ અશોકભાઈ ચંદારાણા, નિલેશભાઈ ચંદારાણા, અચ્યુતભાઈ જાની, કુશલ મેહતા જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીને SPRIHA CHAIR માટે માન્યતા પ્રાપ્ત

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની યશ કલગીમાં એક નવું પીછું ઉમેરાયુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

૨૦૧૭-૧૮ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ઇન્ક્યુબેશન સેંટર માટેની ગ્રાન્ટ મળેલ જેમાં વિદ્યાર્થીઓમાં રહેલ ઇનોવેટીવ વિચારોને પ્રોત્સાહન મળી રહે તથા આ ઇનોવેટીવ વિચારને એક પ્રોડક્ટના રૂપમાં માર્કેટ માં લાવી ને વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિક બની શકે તે માટે પ્રોટોટાઈપ વિકસાવવા માટે ગ્રાન્ટની જોગવાઈ છે.

ઉપરોક્ત યોજના માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ઇન્ક્યુબેશન સેંટર દ્વારા અરજી કરવામાં આવેલ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની યશ કલગીમાં એક નવું પીછું ઉમેરાયું. **SPRIHA CHAIR** માટે માન્યતા પ્રાપ્ત થઈ.

આ ચેરનો મુખ્ય ઉદેશ **Intellectual Property Right (IPR)** - બૌદ્ધિક સંપદા અધિકાર પ્રાપ્ત કરવાની દિશા તરફ પ્રથમ પગલું છે, જે કોઈ સીમિત ક્ષેત્રનું ના રહેતા સમાજના વિવિધ ક્ષેત્ર ને આવરી લે જેમકે સંગીત, ફિલ્મ, કળા , ઉત્પાદનના વિવિધ અધિકારો જેવા કે પેટેન્ટ, કોપી રાઇટ, ડીઝઇન, ટ્રેડ માર્ક, જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન વિગેરે. સૌરાષ્ટ્ર વિસ્તારના ઉદ્યોગ સાહશિકો, યુવા વર્ગ, ખેડૂતો, સંસોધકો માહિતગાર થઈ અને પોતાની ઓળખ અને અધિકારની માન્યતા મેળવશે.

ભારત સરકારના **Department for Promotion of Industry and Internal Trade, Ministry of Commerce and Industry** નવી દિલ્હી દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સીટીને **SPRIHA IPR CHAIR** માટે **Rs. 19,93,548** ની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં માનનીય કુલપતિ પ્રોફે. નીલામ્બરીબેન દવેનાં માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં વિવિધ યોજનાઓ / પ્રકલ્પોને વેગ આપવા માટે સૌ કાર્યરત. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને અગ્રેસર લઇ જવા માટે માનનીય કુલપતિ પ્રોફે. નીલામ્બરીબેન દવેનાં માર્ગદર્શન હેઠળ ટીમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પ્રયત્નશીલ.

આ ચેરના સુચારુ સંચાલન માટે **IPR CHAIR PROFESSOR** ની નિયુક્તિ કરવામાં આવશે. સમયાંતરે આ ચેરમાં પેટેન્ટ , કોપી રાઇટ, ડીઝઇન, ટ્રેડ માર્ક, જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન વિગેરે અધિકારો કરી રીતે પ્રાપ્ત કરવા તે વિષેની સંપૂર્ણ માહિતી પ્રાપ્ત થાય તેવા વર્કશોપ, સેમિનાર તેમજ સર્ટિફિકેટ કોર્ષનું પણ આયોજન કરવામાં આવશે. આમ સૌરાષ્ટ્ર ક્ષેત્રના બૌદ્ધિક સંપદા પ્રાપ્ત કરવાની પ્રવૃતિને એક નવી દિશા અને વેગ મળશે.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

બાયો મેડિકલ વેસ્ટ ટીપરવાનમાં નાંખવા

બદલ ગ્લોબલ હોસ્પિટલને રૂ.૧૦ હજારનો દંડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા આજે તા.૭ ના રોજ રાજનગર ચોક પર આવેલ ગ્લોબલ હોસ્પિટલ દ્વારા બાયો મેડિકલ વેસ્ટ ટીપરવાનમાં નાખવા બદલ રૂ ૧૦,૦૦૦ નો વહીવટી ચાર્જ વસુલાત કરવામાં આવેલ.

આ કામગીરી વોર્ડ નં ૮ના સેનિટેશન ઓફિસર મૌલેશ વ્યાસ, એસ.આઈ નીલેશ ડાભી તથા એસ.એસ.આઈ બરોટ ભારદ્વાજ, એસ.એસ.આઈ ભારત ટાંક, એસ.એસ.આઈ શ્રી રવિ ભગોરા દ્વારા કરવામાં આવેલ.

વધુમાં મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આવેલ તમામ હોસ્પિટલ, દવાખાનાઓ તથા ક્લિનિક ચલાવતા ડોકટરોને જાણ કરવામાં આવે છે કે તેમનો બાયો મેડિકલ વેસ્ટ ટીપરવાનમાં કે કોઈપણઅન્ય જગ્યાએ ન ફેકતા બાયોમેડિકલ વેસ્ટના નિકાલ માટે અધિકૃત કરેલ એજન્સી **Distromed Bio-Clean Pvt. Ltd.** મારફત નિકાલ કરવા અનુરોધ કરેલ છે.

સ્વચ્છતા હી સેવા અભિયાન

શહેરના વિવિધ એન્ટ્રી - એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૩.૯ ટન કચરાનો નિકાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે રાજકોટ મહાનગર પાલિકા દ્વારા તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજકોટ શહેરને પ્લાસ્ટીક મુક્ત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે તા.૭/૧૧ ના રોજ મહાનગર પાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી ૩.૯ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. પશ્ચિમ ઝોન વિસ્તારનાં વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૦૨ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ, તેમજ પૂર્વ ઝોન વિસ્તારના વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૧.૯ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.ઉપરોકત કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ કમિશનરના માર્ગદર્શન અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ ઈજનેર એન.આર.પરમાર તથા નાયબ પર્યાવરણ ઈજનેર પી.સી.સોલંકી, વી.એમ.જાંજળા અને ડી.યુ.તુવરની આગેવાની હેઠળ એસ.આઇ. તથા એસ.એસ.આઇ. દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકઓને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

રાજકોટમાં જુવેનાઇલ ડાયાબીટીસથી પીડાતા બાળકો માટે'લેટ'સ બીટ ટાઈપ-૧ ડાયાબબટીસ' કાર્યક્રમ યોજાયો

નિષ્ણાંત એન્ડોક્રાઈનોલોજીસ્ટ દ્વારા ટાઈપ વન ડાયાબબટીસ અંગે વિનામૂલ્યે માહિતી, માર્ગદર્શન અને જાગૃતિ પ્રદાન કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

બાળવયે થતા ડાયાબિટિસને જુવેનાઇલ ડાયાબિટિસ એટલે કે જન્મજાત ડાયાબિટિસ કહેવાય છે.ત્યારે રાજકોટમાં છેલા ૨૦ વર્ષથી ટાઈપ વન ડાયાબિટીસ ધરાવતાં બાળકો અને તેના પરિવાર માટે કાર્યરત જુવેનાઇલ ડાયાબિટી ફાઉન્ડેશન દ્વારા સૌરાષ્ટ્રભરના ટાઇપ વન ડાયાબિટીસ ધરાવતાં બાળકો માટે તા.૫/૧૧ ના રોજ રાજકોટના એન્જિનિયરીંગ એસોસિએશન હોલ ખાતે લેટ'સ બીટ ટાઈપ-૧ ડાયાબિટીસ' વિષયક જાગૃતિલક્ષી કાર્યક્રમ યોજાયો હતો. બાળકોમાં થતા ડાયાબિટીસને યોગ્ય રીતે મેનેજ કરવા સતત અવેરનેસ તથા એજયુકેશનની આવશ્યકતા રહે છે. તેના ભાગરૂપે અને 'વર્લ્ડ ડાયાબિટીસ-ડે તથા બાળદિવસના સંસ્મરણરૂપે યોજાયેલા આ કાર્યક્રમમાં નિષ્ણાંત એન્ડોક્રાઇનોલોજીસ્ટ દ્વારા ટાઈપ વન ડાયાબિટીઝ અંગે વિનામૂલ્યે માહિતી, માર્ગદર્શન અને જાગૃતિ પ્રદાન કરવામાં આવી હતી. અને ટાઈપવન બાળકો તથા તેમના પરિવારજનોને જીવનમાં હિંમત રૂપી હૂંફ પ્રદાન કરતું વકતવ્ય રજૂ કર્યું હતું.

આ તકે રાજકોટના મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, **JDF**ના બાળકો યોદ્ધાઓ છે અને **JDF** તેમને આરોગ્યરૂપી કવચ પ્રદાન કરતી શ્રેષ્ઠ સંસ્થા છે. રોગનો સામનો કરતા બાળકો કે તેના પરિવારજનો એકલા નથી પરંતુ તેની પડખે જુવેનાઇલ ડાયાબિટીસ ફાઉન્ડેશનના સભ્યો હંમેશાં સાથે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુવેનાઇલ ડાયાબિટીસ ફાઉન્ડેશનને જરૂરી તમામ સહયોગ પ્રદાન કરવામાં આવશે.

આજના કાર્યક્રમમાં ટાઇપ વન ડાયાબિટીસ ધરાવતાંથી ૫૦૦થી વધુ બાળકો તેમના માતા-પિતા સાથે ઉપસ્થિત રહ્યા હતા. અલબત્ત રવિવારની સવારે પણ ઓડિટોરિયમ-માં હકડેઠઠ જનમેદની ઉમટી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટીઓ અપુલભાઈ દોશી અનિશ શાહ, રોહિત કાનાબાર, હરિકૃષ્ણ પંડયા, અમિત દોશી, મિતેષ ગણાત્રા, અજય લાખાણી વગેરે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા મ્યુનિસિપલ કમિશનર આનંદભાઈ પટેલ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી સ્ટે. કમિટિ ચેરમેન જયમીનભાઈ ઠાકર, અમિશભાઈ દેસાઈ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, મનીષભાઈ રાડીયા, કેતનભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સમગ્ર કાર્યક્રમને બિરદાવ્યો હતો.

ગુરૂવારે રમા એકાદશી સાથે વાઘબારસ

તા.૯-૧૧ ન ગુરૂવારે આસો વદ અગિયારસના દિવસે રમા એકાદશી છે સાથે વાઘબારસ પણ છે આ દિવસથી દિપાવલીના મહાપર્વની શરૂઆત થશે.

રમા એકાદમીનુ વ્રત કરવાથી એકાદશીના નામ મુજબ લક્ષ્મી અને ધનની તથા સુખ અને વૈભવની પ્રાપ્તી થાય છે.

રમા એકાદશીના દિવસે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી ત્યારબાદ સૌપ્રથમ સૂર્યને અર્ઘે આપવું અને ત્યાર પછી તુલસીની પુજા કરવી અને એક બાજોઠ અથવા પાટલા ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના ઉપર ચોખા રાખી અને લક્ષ્મી વિષ્ણુ ભગવાનની છબી રાખવી અને તેનુ પુજન કરવુ નૈવેદ્યેમાં કેળા ખાસ ધરાવા ત્યારબાદ એકાદશીની કથા વાચવી બપોરના સમયે સુવુ નહિં સાંજના ભગવાનનુ કિર્તન કરવુ ઉપવાસ અથવા એકટણુ રહેવુ રાત્રીના ૧૨ વાગ્યા સુધીનુ જાગરણ કરવું.

રમા એકાદશીના દિવસથી અયોધ્યાવાસીઓને શ્રીરામ ભગવાનના આવવાના સમાચાર મળેલા આથી આ દિવસથી રંગોળી કરવાની શરૂઆત થયેલી આમ રામ ભગવાનના વખતથી રમા એકાદશીના દિવસથી બેસતા વર્ષ સુધી લોકો રંગોળી કરે છે.

ગુરૂવારે જ વાઘબારસ મનાવાસે. આ દિવસ ગાયની પુજાનું મહત્વ વધારે છે. ગાયને શણગાર કરવો. ગાયને ઘાસ નાખવું પદક્ષિણા ફરવી. આ દિવસે જો પતિ-પત્ની બન્ને સાથે ભેગા મળી અને વિષ્ણુ લક્ષ્મીજીનુ પુજન કરે તો દામ્પત્ય જીવનમાં મીઠાસ આવે છે. શ્રીકૃષ્ણ ભગવાનના જન્મ પછી આજ દિવસે યસોદા માતાએ ભગવાનને ગાયના દર્શન કરાવેલા.

આ દિવસે કોઈપણ મહિલા અથવા પુરૂષ પોતાના પરિવારની સુખ-શાંતી માટે ઉપવાસ અથવા એકટાણું રહિ શકે છે આમ આ દિવસે ઉપવાસ રહેવાથી રમા એકાદશી અને વાઘબારસ બન્ને તહેવારોનુ ફળ મળશે.

શાસ્ત્રી રાજદીપ જોષી
(વેદાંતરત્ન)

PACKAGINGHUB
प्रोडकट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

શહેર યુવા ભાજપની નવનિયુકત ટીમ સૌરાષ્ટ્ર કાંતીની મુલાકાતે

લોકસભાની ચુંટણીમાં ભાજપના વિજયમાં યુવાનોની મહત્વની ભુમિકા રહેશેઃ કિશન ટીલવા

વન-બુથ-ટેન-યુથના સુત્રને યુવા ભાજપના તમામ વોર્ડમાં કાર્યકર્તાઓની ટીમ બનાવી સંગઠનને મજબુત બનાવાશેઃમિલન લીંબાશીયા

બુથ સશકિતકરણ અભિયાનમાં શહેરના તમામ બુથમાં યુવાનોને જોડાશે યુવાનો માટે અભ્યાસવર્ગ યોજાશેઃ સહદેવ ડોડીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)
રાજકોટ,તા.૭

શહેર ભાજપ યુવા મોરચાની નવનિયુકત ટીમ સૌરાષ્ટ્ર ક્રાંતીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. પ્રદેશ ભાજપની યોજના અનુસાર સમગ્ર ગુજરાતભરમાં સંગઠન સંરચના બુથ સશક્તિકરણના માધ્યમથી પાર્ટીનું સંગઠન વધુ સુદઢ બને અને ભારતીય તેમજ જનતા પાર્ટી આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, અમિતભાઈ શાહ તેમજ જે.પી.નડાજીના નેતૃત્વમાં વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે ત્યારે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના નેતૃત્વમાં ગુજરાતમાં વિધાનસભા, જીલ્લા પંચાયત, મહાનગર પાલિકાની ચુંટણીઓમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે ત્યારે આગામી લોકસભાની ચુંટણીમાં ફરીવાર ગુજરાતની ૨૬ બેઠકોમાં ભાજપનો ભવ્ય વિજય થાય અને ગુજરાતના રાજકીય ઈતિહાસમાં એક નવો

પ્રમુખઃ કિશન ટીલવા

મહામંત્રીઃ મિલન લીંબાસીયા

મહામંત્રીઃ સહદેવ ડોડીયા

ઈતિહાસ આલેખાય તેને ધ્યાનમાં રાખી સંગઠનની પ્રક્રિયાને આગળ ધપાવવામાં આવી રહી છે ત્યારે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલજી, પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, રાજકોટ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ મિલનભાઈ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર યુવા ભાજપની નવી ટીમની જાહેરાત શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે અને વિરેન્દ્રસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી છે. જેમાં શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે કિશન ટીલવા મહામંત્રી તરીકે મીલન લીંબાશીયા તેમજ સહદેવ ડોડીયાની વરણી કરવામાં આવેલ છે.

આ સાથે શહેર ભાજપ યુવા મોરચામાં ૪ ઉપપ્રમુખ, ૫ મંત્રી,૧ કોષાધ્યક્ષ ૧ કાર્યાલય મંત્રીની પણ વરણી કરવામાં આવેલ છે જેમાં ઉપપ્રમુખ તરીકે જયકિશનસિંહ ઝાલા, રવિ ચાંગેલા, દેવ ગજેરા, કિશન પટેલ તેમજ મંત્રી તરીકે જય બોરીચા, દર્શન પંડયા, હાર્દિક કુંગશીયા, સુનીલ ગોહેલ, કુલદીપસિંહ જોઝા, કોષાધ્યક્ષ તરીકે ધ્રુવ કાકડીયા કાર્યાલય મંત્રી કાનાભાઈ સરસીયા સહિતનાની વરણી કરવામાં આવી છે ત્યારે આ તકે કીશન ટીલવા, મીલન લીંબાશીયા, સહદેવ ડોડીયાએ જણાવ્યું હતું કે ૧૯૮૦ માં અટલ બિહારી બાજપાઈના નેતૃત્વમાં સ્થપાયેલ ભારતીય જનતા પાર્ટી પંચનિષ્ઠાને વરેલી પાર્ટી છે અને ભારતીય જનતા પાર્ટીનું એક સુત્ર છે વ્યકિત સે બડા દલ અને દલ સે બડા દેશના અનુસાર ભારતીય જનતા પાર્ટી હંમેશા

કેન્દ્ર સરકાર અને રાજય સરકારની યોજનાના યુવાનોને લાભ આપી આત્મનિર્ભર બનાવવાનું નરેન્દ્રભાઈ મોદીનું સ્વપન સાકાર કરશેઃ ટીલવા,લીંબાશીયા,ડોડીયા

છેવાડાના માનવીને સુવિધા પ્રાપ્ત થાય આ સાથે વિશ્વમાં દેશનું ગૌરવ વધે, દેશનું સ્વાભિમાન વધે અને દેશનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા કાર્ય કરી રહ્યો છે ત્યારે પાર્ટીમાં વિવિધ જવાબદારીઓ સંભાળી કાર્યકર્તા એક નેતૃત્વના ગુણ પ્રાપ્ત કરતો હોય છે. ત્યારે યુવા વયેથી પાર્ટીમાં વિવિધ જવાબદારીઓ સંભાળવાનું અમારી ટીમને એક અનેરૂ સૌભાગ્ય પ્રાપ્ત થયું તેઓ અમોને ગૌરવ છે.

આ તકે વધુ માહિતી આપતાં શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખે કિશન ટીલવા મહામંત્રી મીલન લીંબાશીયા તેમજ સહદેવ ડોડીયાએ જણાવ્યું હતું કે આગામી લોકસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીઓ ભવ્ય વિજય થાય અને દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદી આરૂઢ થાય અને દેશની આ જીતમાં ગુજરાતમાં ફરી વખત ભાજપની જીતની હેટ્રીક સર્જાય તે માટે યુવાનો વન બુથ ટેન બુથની યોજના બનાવી ભારતીય જનતા પાર્ટીના સંગઠનને વધુ મજબુત બનાવવામાં આવશે તેમજ હાલ પ્રદેશ ભાજપની યોજના અનુસાર પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો.પ્રશાંત કોરાટની આગેવાની હેઠળ યુવા ભાજપ દ્વારા બુથ સશકિતકરણ અભિયાનમાં યુવાનોને બુથ સુધીની કામગીરીમાં જોડી શહેરના પ્રત્યેક બુથમાં ભાજપને લીડ મળે તે માટેની યોજના બનાવવામાં આવશે. તેમજ પાર્ટીમાં નવા યુવા મતદારોને જોડી પાર્ટીની વિચારધારા સાથે જોડાઈ તે માટે આગામી દિવસોમાં યુવાનો માટે અભ્યાસવર્ગના આયોજન કરવામાં આવશે અને જેમાં ખાસ કરી કેન્દ્ર સરકાર તથા રાજય સરકારની યોજનાઓનો યુવાઓને વધુને વધુ લાભ મળે અને આજનો યુવાન આત્મનિર્ભર બને તે માટે આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. આમ અંતમાં શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે કિશન ટીલવા મહામંત્રી તરીકે મીલન લીંબાશીયા તેમજ સહદેવ ડોડીયાએ જણાવ્યું હતું

પિતાની સ્મૃતિમાં પુત્રી ભાવનાબેન વાછાણી દ્વારા ચેકડેમનો જીર્ણોદ્ધાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં છેલ્લા વર્ષમાં અનેક ચેકડેમોનો જીર્ણોદ્ધાર કરેલ છે. તેમજ ૧૧,૧૧૧ ચેકડેમ બનાવાવનો સંકલ્પ કરેલ છે. જેમાં ભાવનાબેન રાજુભાઈ વાછાણી દ્વારા તેમના પિતા તેમજ પ્રતાપભાઈ પટેલના વેવાઈ સ્વ.ચંદુભાઈ એન. કાછડિયાની સ્મૃતિમાં ધોરાજી ફરેણી રોડ પર ચેકડેમ જીર્ણોધ્ધાર માટે યોગદાન આપેલ છે. જેનાથી શુદ્ધ વરસાદી પાણીનો વિશાળ જથ્થો સ્ટોરેજ થવાથી સંગ્રહ થાય છે. જેનાથી ખેડૂતોને ખેતીમાં વરસાદી મીઠા પાણી ખેત ઉત્પાદનમાં મળવાથી ખેતીમાં ખુબ મોટો આર્થિક ફાયદો થશે અને સમગ્ર પર્યાવરણની રક્ષા સાથે પ્રકૃતિની રક્ષા થવાથી સૃષ્ટી પરના સર્વે જીવ-જંતુ, પશુ-પક્ષી અને માનવ-જાતને પાણી ખોરાક અને રહેણાંક સાથે સ્વતંત્રતા મળશે. જેમાં શાંતિલાલ વેગડ, વિશાલભાઈ વેગડ, ચંદુભાઈ વેગડ, પોપટભાઈ પટેલ, બાલાભાઈ મિસ્ત્રી વગેરે જેવા આગેવાનો હાજર રહેલ છે.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના દિલીપભાઈ સખિયા (પ્રમુખ) તથા દિનેશભાઈ પટેલ, રમેશભાઈ ઠક્કર, વીરાભાઈ હુંબલ, પ્રતાપભાઈ પટેલ, જમનભાઈ ડેકોરા, સતિષભાઈ બેરા, પ્રકાશભાઈ કનેરિયા, જીગ્નેશભાઈ પટોળીયા, વસંતભાઈ લીંબાસીયા, ભરતભાઈ ગાજીપરા, વલ્લભભાઈ કથીરિયા,બીપીનભાઈ હદવાણી, દિલીપભાઈ લાડાણી, જેરામભાઈ વાંસજાળિયા, ચંદુભાઈ વિરાણી, અરવિંદભાઈ પણ, ઉમેશભાઈ માલાણી, ગોપાલભાઈ બાલધા, શિવલાલભાઈ અદ્રોજા,રમેશભાઈ જેતાણી, મનીષભાઈ માયાણી, ભુપતભાઈ કાકડીયા, વિઠ્ઠલભાઈ બાલધા, અશોકભાઈ મોલીયા, લક્ષ્મણભાઈ શિંગાળા, ભરતભાઈ, મહેન્દ્રભાઈ કાલરીયા, રતિભાઈ ઠુંમર સુંદર સંચાલન કરી રહ્યા છે. તે જવાબ છે. તેમ જણાવ્યું છે.

ડિજિટલ માધ્યમ થકી ''સ્વચ્છતા હી સેવા'' અભિયાનમાં જોડાવાની તક

વેબસાઈટ પર જઈ સ્વચ્છતા માટે કરેલ શ્રમદાનનો ફોટો અપલોડ કરી ડિજિટલ સર્ટિફિકેટ મેળવી શકાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

મહાત્મા ગાંધીજીને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં પણ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં આ અભિયાન ઉત્સાહભેર ઉજવવામાં આવી રહ્યું છે. ''સ્વચ્છતા હી સેવા'' અભિયાનમાં ડિજિટલ માધ્યમ થકી કોઈ પણ નાગરિક પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરી શકે છે. લોકોને ડિજિટલ પ્લેટફોર્મ પર આ અભિયાન સાથે જોડવા માટે સરકાર દ્વારા https://swachhatahiseva.com વેબસાઈટ વિકસાવવામાં આવી છે. જેના ઉપર જતા ''અપલોડ મિડિયા''ના બટન પર ક્લિક કર્યા બાદ નામ, જાતિ અને ગ્રામ્ય કે શહેરી સ્થળ, રાજ્ય, જિલ્લા સહિતની વિગતો ઉમેર્યા બાદ સ્વચ્છતા માટે પોતે કરેલ શ્રમદાનનો ફોટો અપલોડ અપલોડ કરવાનો રહેશે. ત્યારબાદ ફોટો અને નામ ઉપયોગ કરવા અંગે સંમતી આપવા ચેક બોક્સ પર ક્લિક કરીને સબમિટ કરીને પોતાના નામ સાથેનું ''સર્ટિફિકેટ'' ડાઉનલોડ કરી શકાશે. આમ માત્ર થોડા સ્ટેપ અનુસરીને આ મહાઅભિયાનમાં જોડાવા સહભાગી બની શકાય છે.

પી.ડી.યુ. હોસ્પિટલને મળ્યુ વધુ એક અંગદાન

સ્વ.લીલાબેન ચંદ્રકાંતભાઈ સગપરીયાના પરિવારજનોએ કર્યુ અંગદાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

સ્વ. લીલાબેન ચંદ્રકાંતભાઈ સગપરીયા ગત તા ૪ નવેમ્બર-૨૦૨૩ના રોજ અવસાન પામતાં જેથી તેમના પરિવારે તેમના પાર્થિવ શરીરનું અંગદાન કરવાનો નિર્ણય લીધો હતો, અને તેઓએ પી.ડી.યુ. હોસ્પિટલમાં અંગદાન કર્યુ હતું. જે જરૂરિયાતમંદ દર્દીઓને ઉપયોગી થશે.

આ અંગદાનથી સ્કિન ડોનેશનથી મેજર બર્ન્સના દર્દીઓની ઝડપથી રિકવરી થશે, તથા ટ્રોમા દર્દીઓ અને બાયોલોજીકલ ડ્રેસીંગ માટે પણ ઉપયોગ કરી શકાશે. અંગદાન, રક્તદાન સાથે સાથે હવે સ્કિન ડોનેશનમાં પણ ખુબ સકારાત્મક પ્રતિસાદ જોવા મળી રહ્યો છે, લોકોમાં આ બાબતે જાગૃતી આવી રહી છે જે ખૂબ જ પ્રશંસનીય

પી.ડી.યુ. હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. આર.એસ.ત્રિવેદી અને રાજકોટનાં પ્લાસ્ટીક સર્જરી વિભાગના વડા ડો. મોનાલી માકડીયા, સ્કીન ડોનેશન જેવા ઉમદા કાર્ય માટે લોકો સજાગ થાય તે માટે પ્રત્યનશીલ છે. તેમ પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટની યાદીમાં જણાવાયુ છે.

રાજયમાં કાળીચૌદશની ગેરમાન્યતા સામે જાગૃતિ પત્રિકા વિતરણનો પ્રારંભ થયો

કાળીચૌદશે પશુ-પક્ષી બલી કે ડરાવાના કિસ્સામાં પોલીસ તંત્રને જાણકારી આપોઃ પોલીસ કમિશનર

મહિકા ગામમાં રાજયકક્ષાની ઉજવણીથી ગ્રામજનોમાં ભારે ઉત્સાહઃ જયંત પંડયા

અમદાવાદ, તા.૭

દેશભરમાં તા. ૧૧ મી નવેમ્બર શનિવારે કાળીચૌદશની ઐતિહાસિક ઉજવણી કરવા વિજ્ઞાનપ્રેમીઓ, જાગૃતો, ગ્રામજનો કટીબદ્ધ થયા છે. રાજયમાં કાળીચૌદશની ગેરમાન્યતા સામે જાગૃતિ પત્રિકાનું વિતરણ શરૂ કરવામાં આવ્યું. પાણી, અનાજનો બગાડ અટકાવીને નાગરિક ધર્મ બજાવવાનો અવસર છે. કાળીચૌદશે પશુ-પક્ષીની બલી કે ડરાવવા - ભ્રામક્તાના કિસ્સા અટકાવવા માટે પોલીસની વિવિધ ટીમો બનાવવામાં આવી છે. લોકોને સતર્ક રહેવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

વિજ્ઞાન જાથાની જનજાગૃતિ પત્રિકા વિતરણમાં મેયર નયનાબેન પેઢડીયાએ અંધશ્રદ્ધા દૂર કરવાના પ્રયાસોને બિરદાવી કાળીચૌદશે પાણી- અનાજનો બગાડ અટકાવી રાષ્ટ્ર ધર્મ, નાગરિક ધર્મ બજાવવા લોકોને અપીલ કરવામાં આવી છે. જાથાના પ્રચાર ઝુંબેશમાં જોડાયા હતા.

રાજકોટ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે અંધશ્રદ્ધા સામેની ઝુંબેશને ટેકો આપી કાળીચૌદશે રાજકોટ પોલીસની વિવિધ ટીમો બનાવી પશુ-પક્ષીની બલી, ભ્રામક્તા કે ડરાવાના કિસ્સા અટકાવવા ઝુંબેશ કરનાર છે. આ દિવસે લોકો જાગૃતતા કેળવી પોલીસ તંત્રને જાણકારી આપે તેવી જાથા સાથેની વાતચીતમાં જણાવાયું હતું. લોકો તર્ક, વિજ્ઞાન અભિગમ કેળવે તેવી વાત ઉચ્ચારી હતી.

મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે જાથાના કાર્યક્રમોથી વર્ષોથી પરિચિત છું, રૂબરૂ મળ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રની પ્રગતિનો આધાર વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણ સાથે પુરૂષાર્થને પ્રાધાન્ય આપવું. કાળીચૌદશની અંધમાન્યતાને તિલાંજલિ આપીએ. અનાજ-પાણીનો બગાડ અટકાવવામાં સહીયારો પ્રયત્ન કરીએ.

જોઈન્ટ પોલીસ કમિશનર વિધિ ચૌધરીએ અંધશ્રદ્ધા સામેની ઝુંબેશને બિરદાવી ગ્રામ્ય વિસ્તારોને વધુ આવરી જાથા અસરકારક કામગીરી કરે તેવો ભાર મુક્યો હતો. કુરિવાજો, અંધશ્રધ્ધા દૂર થવા જોઈએ. જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણીએ પત્રિકા વિતરણમાં જોડાઈને ચાર ચોકમાં કકડાટના વડા મુક્વાના રિવાજને તિલાંજલિ આપવી જોઈએ. કુરિવાજોને જાકારો આપવા અપીલ કરી હતી.

સ્ટે. કમિટીના ચેરમેન જયમીન ઠાકરે દેશમાંથી અંધશ્રધ્ધા દૂર કરવા સહિયારો પ્રયત્ન, લોકચળવળ ઉભી કરવી પડશે. જાથાના સતત પ્રયાસોને બિરદાવું છું. રાજય-રાષ્ટ્રના ઘડતરમાં લોકોને જોડવાની વાત ઉચ્ચારી હતી.

પૂર્વ સરપંચ બાબુભાઈ મોલીયાની રાહબર નીચે સંજય મોલીયા, ભરતભાઈ રામજીભાઈ, બાબુભાઈ મોલીયા, કિશોર માલવીયા, હિતેષ ગઢીયા, ભરત મોલીયા, રમેશ બાબુભાઈ, ચંદુભાઈ પ્રેમજીભાઈ, કનુ મકનભાઈ, રમેશ પરસોતમભાઈ, હરેશ જસમતભાઈ, જાદવ દેવરાજભાઈ, રમેશ પોપટભાઈ, લલિત ખુંટ, મુકેશ સાંખડ, દલસુખ મોલીયા, સંદિપ ગઢિયા, રમેશ બોઘરા, પિયુષભાઈ સંચાણીયા, આશિષ મોલીયા, નાગજીભાઈ ખુંટ, ભીમજી મોલીયા, સરપંચ પાર્વતીબેન બાબુભાઈ, વર્ષાબેન રસિકભાઈ સહિત અનેક ગ્રામજનો પત્રિકા વિતરણમાં ભાગ લીધો હતો. તેમ જણાવ્યું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

સમાજ સેવા સંગઠક યશવંત જનાણીના નાનાભાઈ ચંદ્રકાંતભાઈ માવજીભાઈ જનાણીનું અવસાન : ગુરૂવારે પ્રાર્થના સભા

રાજકોટઃ દશા સોરઠીયા વણિક ચંદ્રકાંતભાઈ માવજીભાઈ જનાણી (ઉ.વ. ૭૨) તે સ્વ. માવજીભાઈ ત્રિભોવનદાસ જનાણીના પુત્ર, હર્ષાબેનના પતિ, વિરલ, રિતેશ અને વિશાલના પિતાશ્રી, સમાજ સેવા સંગઠક યશવંત જનાણી, જીતેન્દ્રભાઈ, સ્વ. નવનિતભાઈ, વિમળાબેન નંદલાલ ગગલાણી (મુંબઈ), પુષ્પાબેન પ્રદિપભાઈ ધાબલીયા અને જયશ્રીબેન જીતેન્દ્રકુમાર મણીઆર (બરોડા) ના ભાઈ, સ્વ. તાપીદાસભાઈ છગનભાઈ તલાટી (અમરેલી) ના જમાઈ, નવનીતરાય રતિલાલ તલાટી, સ્વ. કિશોરભાઈ, નગીનભાઈ, જયંતિભાઈ તથા નીરૂબેન કિશોરભાઈ દેસાઈના બનેવી, ધ્રુવીલ, હેત, નૈતિકના દાદાનું તા.૩/૧૧ ને શુક્રવારના રોજ મોરબી ખાતે અવસાન થયેલ છે, તેમની પ્રાર્થના સભા રાજકોટ ખાતે ગોંડલ રોડ ઉપર માલવીયા વાડીમાં તા.૯/૧૧ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ રાખવામાં આવેલ છે. પિયર પક્ષની સાદડી પણ સાથે રાખવામાં આવેલ છે. લૌકીક ક્રીયા બંધ રાખેલ છે.

અમરેલીના આંગણે ઉજવાશે દાદા ભગવાનનો ૧૧૬મો જન્મજયંતી મહોત્સવ

૨૫ લાખ ચોરસ ફૂટમાં આકાર લઇ રહી છે વિશાળ નગરી, ૨૨ નવેમ્બરથી ભવ્ય આરંભ

અમદાવાદ, તા.૭

જ્યાં જીવનને સરળ બનાવવાના હેતુથી ઊભી કરેલી મોડર્ન લાઈફસ્ટાઈલ જ જીવનને વધારે જટિલ બનાવી રહી છે, જ્યાં પુણ્યને બદલે પૈસા કમાવાની પ્રાથમિકતા વધુ છે, સહકારનું સ્થાન સ્પર્ધાએ લીધું છે, ભણતર જ્યાં ભારરૂપ છે અને કુટુંબ તો જાણે કલેશનું કારખાનું બની ગયું છે ! આવા સમયમાં સુખી થવા માટે ખૂબ પ્રયત્નો કરવા છતાં સુખની પ્રાપ્તિ ઝાંઝવાના જળ સમાન ભાસી રહી છે. આવા સમયે એવી નગરીની કલ્પના કરી શકાય જે સૌની સુખની શોધનો અંત લાવે? જ્યાં સંસાર વ્યવહારના ચડ-ઉતર થતાં ગ્રાફમાં મનની શાંતિનો ગ્રાફ અકબંધ રહે? જ્યાં ઉંમર, જાતિ, વર્ણ, ધર્મ, દેશ કે ઊંચ-નીચના ભેદભાવ વગર સૌને સાચી સમજણનો ખજાનો મળે, એ પણ વિનામૂલ્યે ! હા, આવી એક અલૌકિક દુનિયા આકાર લઈ રહી છે સૌરાષ્ટ્રના હાર્દ સમી અમરેલીની ધીંગી ધરા ઉપર, જેનું નામ છે ''જોવા જેવી દુનિયા.

લીલીયા રોડ ઉપર સ્થિત ત્રિમંદિર પાસે નિર્માણ થઈ રહેલી આ ''જોવા જેવી દુનિયા'' એટલે ૨૫ લાખ ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં ફેલાયેલું એક ધબકતું નગર. અહીં કળિકાળના આશ્ચર્યસમ જ્ઞાની પુરુષ દાદા ભગવાનનો ૧૧૬મો જન્મજયંતી મહોત્સવ પરમ પૂજ્ય દાદા ભગવાન દીક્ષિત અને આત્મજ્ઞાની ડો. નિરુ માંના સહાધ્યાયી આત્મજ્ઞાની પુજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં ૨૨ થી ૨૮ નવેમ્બર દરમિયાન ઉજવાશે. આ મહોત્સવ અંતર્ગત અધ્યાત્મ અને વ્યવહાર સંબંધી પ્રશ્નોના સમાધાન માટે સવાર-સાંજ પૂજ્ય દીપકભાઈ સાથે પ્રશ્નોત્તરી સત્સંગ તેમ જ આત્મસાક્ષાત્કાર પામવાનો અદભૂત જ્ઞાનપ્રયોગ- જ્ઞાનવિધિ યોજાશે.

આખા મહોત્સવના મુખ્ય આકર્ષણ એવા ૫ લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલ વિશાળ ચિલ્ડ્રન પાર્ક અને થીમ પાર્કમાં પરમ પૂજ્ય દાદા ભગવાને આદર્શ જીવન જીવવા માટે આપેલા સિધ્ધાંતો આજના બાળકો અને યુવાનોને પણ સમજાય તે રીતે વિવિધ આધુનિક માધ્યમો જેવા કે શોર્ટ ફિલ્મ્સ, ૩-ડી પ્રોજેક્શન મેપિંગ શો, રોબોટિક્સ, વગેરે દ્વારા રજૂ કરવામાં આવશે. જે તેમને જીવન જીવવાના સાચા મૂલ્યોની સમજણથી પોતાનું જીવન વધુ ઉજ્જ્વળ બનાવવા માટે ખૂબ જ મદદરૂપ થઈ પડશે. સાથે સાથે બાળકોને પ્રેમ અને હૂંફથી ઉછેરવા જરૂરી ચાવીઓ પ્રદાન કરતી વર્કશોપ પેરન્ટ્સ કી પાઠશાળા દરેક માતા-પિતા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહેશે. આ ઉપરાંત એમ્ફીથીયેટર અને લકી ડ્રો જેવા આકર્ષણો પણ ઊભાં કરવામાં આવશે. ટૂંકમાં, અહીં આવનાર દરેક ઉમરના મુલાકાતીઓને વ્યવહારિક ગૂંચોના ઉકેલથી લઈને તત્વજ્ઞાનના ગૂઢ રહસ્યોની આધ્યાત્મિક, તાર્કિક, વાસ્તવિક અને વૈજ્ઞાનિક સમજણ મળી રહેશે.

મહોત્સવનો શુભારંભ ૨૨ નવેમ્બરના સાંજે ૭ વાગે બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા કરવામાં આવશે. પુજ્ય દીપકભાઈના પ્રશ્નોત્તરી સત્સંગ ૨૨ નવેમ્બર સાંજે ૮.૩૦ થી ૧૦ તેમ જ ૨૩ અને ૨૪ નવેમ્બરના સવારે ૧૦ થી ૧૨:૩૦ અને સાંજે ૪.૩૦ થી ૭ દરમ્યાન રહેશે. આ સત્સંગમાં કોઈ પણ વ્યક્તિ પોતાને મુંઝવતા તમામ વ્યવહાર, ધર્મ કે અધ્યાત્મ સંબધિત પ્રશ્નોના સમાધાન પૂજ્ય દીપકભાઈ પાસેથી મેળવી શકશે. આત્મસાક્ષાત્કાર પામવા માટેનો અદભૂત ભેદજ્ઞાન પ્રયોગ ''જ્ઞાનવિધિ'' ૨૫ નવેમ્બરના બપોરે ૩.૩૦ વાગે રાખવામાં આવેલ છે. તારીખ ૨૬ નવેમ્બરના રોજ પરમ પૂજ્ય દાદા ભગવાનની જન્મજયંતી નિમિત્તે સવારે ૮ વાગ્યાથી પૂજન, ભક્તિ અને દર્શનનો કાર્યક્રમ રહેશે.

આખા મહોત્સવ દરમ્યાન (૨૨ થી ૨૮ નવેમ્બર) થીમ પાર્ક અને ચિલ્ડ્રન પાર્ક સાંજે ૪ થી રાત્રે ૧૦ સુધી ખુલ્લા રહેશે.

એક અનુમાન મુજબ દાદા ભગવાન પરિવારના દેશ-વિદેશમાં રહેતા અંદાજે ૨૦,૦૦૦ થી વધુ અનુયાયીઓ જન્મોત્સવમાં ભાગ લેવા અમરેલી પધારશે. તેમની સગવડ માટે સાવ લાખ ચોરસ ફૂટનો સત્સંગ હોલ તેમ જ લગભગ બે લાખ ચોરસ ફૂટની ભોજનશાળા ઊભી કરવામાં આવી છે. અમરેલીમાં પ્રથમ વાર યોજાય રહેલ અનોખા અધ્યતન થીમ પાર્ક અને ચિલ્ડ્રન પાર્કની રોજના આશરે ૫૦,૦૦૦ લોકો મુલાકાત લે તેવી ધારણા છે.

આ પ્રસંગે ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, અન્ય મંત્રીઓ તેમ જ રાજ્ય અને દેશના વિભિન્ન ક્ષેત્રના ગણમાન્ય મહાનુભાવો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરશે.

વિવિધ ટીવી ચેનલ્સ પર સત્સંગ કાર્યક્રમ નિહાળતા અમરેલી અને આસપાસના જિલ્લામાં રહેતા લાખો જીજ્ઞાસુઓ માટે પૂજ્ય દીપકભાઈને પ્રત્યક્ષ જોવા-સાંભળવાનો આ એક સુવર્ણ અવસર હશે. વિશ્વભરમાં આજે લાખો લોકો દાદા ભગવાનના અલૌકિક અક્રમ વિજ્ઞાન દ્વારા જીવન જીવવાની સાચી સમજણ પ્રાપ્ત કરી નિરંતર આનંદમા રહેતા રહેતા મોક્ષ માર્ગ પર પ્રગતિ કરી રહ્યા છે. અમરેલીના રહેવાસીઓના પુણ્યોદયે તેમને ઘર આંગણે આ અદભૂત વિજ્ઞાન જાણવા તેમ જ તે માર્ગે ચાલવાની સમજ મેળવવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે. આપ વધુ માહિતી વેબસાઈટ **jj.dadab-hagwan.org** પરથી મેળવી શકો છો. તેમ જણાવ્યું છે.

જલારામ ધુન મંડળ દ્વારા આયોજન

અમરેલી ખાતે પૂ. જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે અન્નકુટ દર્શન યોજાશે

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૭: આગામી તા.૧૯/૧૧ ને રવીવારના રોજ પરમ પૂજય સંત શિરોમણી શ્રી જલારામબાપાની ૨૨૪મી જન્મજયંતિ નિમિતે જલારામ ધૂન મંડળ પરિવાર અમરેલી દ્વારા અત્રેના લીલીયા રોડ પર આવેલ જલારામ મંદિર ખાતે ૨૨૪ કિલો લાડુના અન્નકૂટનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

જલારામ ધૂન મંડળ દ્વારા સ્થાપના વર્ષ ૧૯૯૯થી અવિરત ધૂન તેમજ જલારામ જયંતિના અવસરે અવનવા અન્નકૂટના આયોજન કરવામાં આવે છે. જેમાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ૨૨૪ કિલો લાડુના અન્નકૂટનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે ત્યારે પૂજય બાપાના તમામ ભકતો અન્નકૂટ ધરાવવાનો લાભ લઇ શકે તે માટે નુંવ્યવસ્થિત આયોજન પણ કરવામાં આવ્યું છે તેમજ જે ભાવિકોએ લાડુની સેવા નોંધાવેલ છે તે તમામ ભાવિક ભકતજનોને સંધ્યા આરતી બાદ પૂ.બાપાની પ્રસાદી તેમના સુધી પહોંચાડવામાં માટેનું પણ આયોજન કરવામાં આવેલ છે. વધુ વિગત મેળવવા માટે તેમજ લાડુની સેવા નોંધાવવા માટે ભરતભાઈ ખંધેડિયા, ૯૪૨૮૭ ૯૬૨૦૮, હિરેન માધાણી, ૯૯૨૪૫ ૨૧૯૪૦, રાકેશ સોમૈયા, ૯૮૨૪૯ ૭૨૭૨૫, દર્શન ખખ્ખર, ૯૪૨૮૭ ૯૪૯૪૨, વિજય તન્ના, ૭૮૭૮૩ ૩૯૩૯૯, પરેશ ખખ્ખર, ૯૪૨૮૭ ૧૧૫૬૭ જીજ્ઞેશ પોપટ, ૭૦૧૬૯ ૬૯૩૪૯ ઉપર સંપર્ક કરવા જલારામ ધૂન મંડળની એક યાદીમાં જણાવાયું છે.

અમરેલી ખાતે ટચુકડા વિમાન ઉત્પાદન માટેનાં પ્લાન્ટનું ભૂમિ પૂજન થયું

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૭

અમરેલી ખાતે ટુ સીટરથી લઈને સિકસ સીટર વિમાન બનાવવા અને વિમાનની સર્વિસ માટેનાં પ્લાન્ટનો ભૂમિપુજન કાર્યક્રમ ભાજપા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટિલ, કેન્દ્રીય મંત્રી રૂપાલા, રાજયમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, નાયબ દંડક કૌશિક વેકરીયા, ડો.બોઘરા તેમજ સાસંદ અને જિલ્લાના ધારાસભ્યોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. આ પ્લાન્ટ થકી બેરોજગાર યુવાનોને રોજગારી મળશે તેવો આશાવાદ સૌ કોઈએ વ્યકત કર્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો અને શહેરીજનો ઉપસ્થિત રહયા હતા.

અમરેલી જિલ્લાના દુધાળા-લાઠી ૧૦ દિવસીય જળ ઉત્સવ યોજાશે

રાજ્ય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ભવ્ય જળ ઉત્સવ-૨૦૨૩નું આયોજન

(અમરેલી માહિતી દ્વારા)

અમરેલી, તા.૭

ગુજરાત સરકાર અને અમરેલી જિલ્લાના પદ્મશ્રી અને ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામે હેતની હવેલી ખાતે આગામી તા.૧૫ નવેમ્બરથી તા.૨૫ નવેમ્બર, ૨૦૨૩ સુધી ૧૦ દિવસીય ભવ્ય જળ ઉત્સવ-૨૦૨૩ યોજાશે.

જળ ઉત્સવ-૨૦૨૩ **"India's first carbon neutral water festival'** છે. હેતની હવેલી દુધાળા-લાઠી ખાતે જળ ઉત્સવ-૨૩ અંતર્ગત વિવિધ ઈવેન્ટ્સની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. હાલ ટેન્ટ સિટી, મુખ્ય કાર્યક્રમ ડોમ, વોટર સ્પોર્ટ્સ, સેમિનાર અને કોન્ફરન્સ હોલ માટેની તૈયારીઓ પૂરજોશમાં શરૂ છે. આ ઉપરાંત અન્ય વ્યવસ્થાઓ અને આનુષંગિક તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, આ જળ ઉત્સવને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર અને ધોળકીયા ફાઉન્ડેશન તનતોડ મહેનત કરી રહ્યા છે અને તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવા માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. અગાઉ જિલ્લા કલેકટર દહિયાએ હેતની હવેલી, દુધાળા ખાતે ટેન્ટ સિટી, વોટર સ્પોર્ટ્સ, ફન ફેર, ફુડસ્ટોલસહિતના સ્થળે સંબંધિત સર્વે અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત કરી હતી.

ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતેલાઠી તાલુકાના દુધાળા ખાતે ગાગડીયો નદી પર જળ સંગ્રહ માટે ચેકડેમો બનાવવામાં આવ્યા છે. ચોમાસા દરમિયાન અહીં અમૃત સરોવર સહિતના સરોવરોમાં પાણીનો સંગ્રહ થયો છે. અહીં જળ સંરક્ષણને લઈને અભૂતપૂર્વ કામગીરી કરવામાં આવી છે. જળ ઉત્સવ - ૨૦૨૩માં ટેન્ટ સિટી, વોટર સ્પોર્ટ્સ, ફન ફેર, ફુડ કોર્ટ સહિતના આકર્ષણો હશે જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

'બુથ સશક્તિકરણ અભિયાન' કાર્યક્રમ અંતર્ગત ૧૦૦% કામગીરી પૂર્ણ કરતુ રાજકોટ જીલ્લા ભાજપ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭: રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજીના નીર્દેશોનુસાર તેમજ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી નરેન્દ્રસિંહ જોડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાના માર્ઈક્રોપ્લાનિંગ બુથ સશક્તિકરણ અભિયાન અંતર્ગત મહત્વપૂર્ણ કામગીરી જે જીલ્લા તેમજ તાલુકા અને નગરપાલિકાની તમામ બુથોનું વેરીફીકેશન જે ખુબ જ સચોટ, ચોકસાઈ અને ચીવટથી મંડલ કક્ષાની ટીમ પાસેથી ઉત્સાહપૂર્વક કામગીરી કરાવી ગુજરાતમાં તમામ જીલ્લામાં આગવું સ્થાન એટલે કે અવ્વલ નંબરની કામગીરી કરી. તેના કરતા વધુમાં વધુ રાજકોટ જીલ્લો ૧૪૬૩ બુથ ધરાવતો જીલ્લામાં આવતો હોવા છતાં ત્રીજા નંબરનું સ્થાન મેળવેલ છે.

બુથ સશક્તિકરણ અભિયાનની સફળ કામગીરી માટે સ્પેશીયલ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવેએ રાજકોટ જીલ્લા ભાજપ ટીમને અને જીલ્લાના ટીમવર્કને બિરદાવી શુભકામના પાઠવેલ છે. તેમ પ્રેસ-મીડિયા ઇન્ચાર્જ તથા સહ-ઇન્ચાર્જની યાદીમાં જણાવ્યું છે.

મોટી પાનેલી સામાજિક અને શૈક્ષણિક વિકાસ ટ્રસ્ટ દ્વારા રાજકોટમાં વસતા મૂળ મોટી પાનેલીના સર્વજ્ઞાતિના તેજસ્વી છાત્રો માટે સન્માન સમારોહ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

મોટી પાનેલી સામાજિક અને શૈક્ષણિક વિકાસ ટ્રસ્ટ દ્વારા રાજકોટમાં વસતા મૂળ મોટી પાનેલીના સર્વ જ્ઞાતિના તેજસ્વી છાત્રો માટે સન્માન સમારોહ ટુંક સમયમાં યોજાનાર છે. તે માટે ધોરણ ૧ થી ૩માં ૯૦ ટકા, ૪ થી ૬ માં ૮૫ ટકા, ૭ થી ૯ માં ૮૦ ટકા, ધો.૧૦,૧૧,૧૨માં ૭૦ ટકા, સ્નાતક, ડીગ્રી - ડિપ્લોમાં ૬૦ ટકા તથા અનુસ્નાતક માટે ૫૦ ટકા મીનીમમ માર્ક્સ હોવા જરૂરી છે. આ માટેના અરજી ફોર્મ રામેશ્વર ડ્રગ્સ હાઉસ, અમીન માર્ગ, પાયલ ડેરી ચોક, રાજકોટ ખાતેથી મળશે. જેમાં જરૂરી વિગત ભરી તા.૨૫/૧૧ સુધીમાં આપી જવા વિનંતી. વધારે વિગત માટે હિતેશભાઈ ચપલા ૯૮૭૯૩ ૦૯૬૭૯ અથવા અશ્વિનભાઈ વસાણી ૯૦૧૬૧ ૮૬૯૦૧ ઉપર સંપર્ક કરી શકો છો. તેમ જણાવ્યું છે.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

નાગેશ્રી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા અકસ્માત ગ્રસ્ત પોલીસ કર્મચારીના પરીવારની એસપીએ મુલાકાત લીધી

(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા, તા.૭: જાફરાબાદ તાલુકાના નાગેશ્રી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા પોલીસ કર્મચારી પ્રતાપભાઇ પરમાર જેઓનુ થોડા સમય પહેલા વાહન અકસ્માત સર્જાતા ગંભીર ઈજાઓ થવાથી હાલ કોમામા હોવાને કારણે દિવાળી તહેવાર નજીક હોય ત્યારે અમરેલી જીલ્લા એસપી હિમકરસિંહ તેમજ ડીવાયએસપી હરેશ વોરાને ધ્યાને આવતા રૂબરૂ પરીવારજનોની મુલાકાત લીધી હતી. અને ડિવીઝન હેઠળ આવતા પોલીસ કર્મચારીઓ તેમજ અધિકારીઓ દ્વારા પરીવારજનોને મદદ કરવા માટે રકમ એકત્રિત કરાઇ હતી. અને પોલીસ પરીવાર દ્વારા રૂ. ૧,૬૫,૫૦૦ ની મદદ કરવામાં આવી હતી. અમરેલી એસપી

દ્વારા પરીવારની મદદ કરી સરાહનીય કામગીરી કરવામા આવી હતી. અને એસપીએ પોલીસ કર્મચારીના પરીવાર સાથે અકસ્માત બાદની સ્થિતિ વિશે ચર્ચા કરી અને પરીવારજનોને સાંત્વના પાઠવી હતી. ઉપરાંત આવતા દિવસોમા પોલીસ કર્મચારીને મદદની જરૂર પડે તો તુરંત પોલીસ અધિકારીનુ સંપર્ક કરવા જણાવ્યું હતું. આ તકે જીલ્લા પોલીસ વડા હિમકરસિંહ, ડીવાયએસપી હરેશ વોરા, પીઆઇ,પીએસઆઇ સહિત પોલીસ કર્મચારીઓ હાજર રહ્યા હતાં.

સાવરકુંડલામાં દિવાળી નિમિત્તે મીઠાઈ તેમજ અનાજ, કરિયાણાની કીટનું વિનામૂલ્ય વિતરણ કરાયું

(યોગેશ ઉનડકટ દ્વારા)

સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલામાં વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન મુંબઈ (સાવરકુંડલાવાળા) દ્વારા સાવરકુંડલા શહેરના લોકોને જરૂરી ખાધ સામગ્રી ખાઈ તથા બનાવી શકે તેવી વસ્તુઓ. સાવરકુંડલામાં ચાલતાં ૩ છાશ કેન્દ્રમાં આવતા ૧૪૦૦ પરિવારોને આ સહાય મધ જેવી મીઠી લાગી હતી. ખેતાણી પરિવાર દ્વારા. ખાસ કરીને આખા વર્ષ દરમિયાન સાવરકુંડલા શહેરના જરૂરિયાતમંદ લોકોને છેલ્લા છ વર્ષથી ૧૪૦૦ પરિવારને નિયમિત છાશનું વિનામૂલ્ય વિતરણ કરવામાં આવે છે સાવરકુંડલા શહેરમાં આવેલ શ્રીતાત્કાલીક હનુમાનજી આશ્રમ તેમજ શ્રી ઉતાવળા હનુમાનજી મંદિર અને શ્રી જલારામ મંદિર ખાતે નિયમિત છાશ કેન્દ્ર ચાલે છે તેમજ સાથોસાથ વર્ષમાં ધાર્મિક પર્વ પર મીઠાઈ, અનાજ,કરિયાણાની કીટનું પણ વિનામૂલ્ય વિતરણ કરવામાં આવે છે આ છાશ કેન્દ્રના સંપૂર્ણ લાભાર્થી એવા મહાવીર સ્વામીના અનુયાયી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન મુંબઈ સાવરકુંડલાવાળા દ્વારા જરૂરિયાતમંદ લોકોને માનવ સેવાના આ મહાયજ્ઞમાં રાશનકીટનું વિતરણ કરવા આવ્યું હતું

જેમા વરિષ્ઠ પત્રકાર પ્રદીપભાઈ દોશી, બીપીનભાઈ પાંધી, યોગેશભાઈ ઉનડકટ અને હસમુખભાઈ વડેરા, સાવરકુંડલા લોહાણાજ્ઞાતિ અગ્રણી, અરવિંદભાઈ ખીમાણી, દિનેશભાઈ રાંદલ સ્ટીલ, રાજુભાઈ ગોકુલજવેલર્સ, તેમજ જેન્તીભાઈ વાટલીયા, મહેન્દ્રભાઈ કુકડીયા, સતિષભાઈ પીડે તથા સમગ્ર ટીમ મૈત્રી ડેવલોપર સમગ્ર પરિવારે મીઠાઈ અને અનાજ કરીયાણા કીટનું વિતરણમા સેવાનો અમૂલ્ય લાભ લીધો.

સોમનાથ આવતા ભાવિકો માટે પ્રથમ પસંદગી બન્યું શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

વેરાવળ, સોમનાથ : શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવનનું સોમનાથના વેરાવળ ખાતે નિર્માણ કરવામાં આવ્યું છે. ગત ઓક્ટોબર મહિનામાં શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન મુલાકાતીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ત્યારે ઓક્ટોબર-૨૦૨૩માં આ અતિથિ ભવનનું સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થયું છે.

સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવતા ભાવિકોને રહેવા-જમવાની ઉત્તમ સુવિધા મળી રહે તે માટે સોમનાથ-જૂનાગઢ હાઈવે પર નિર્માણ પામેલા શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવનમાં એક વર્ષમાં બહોળી સંખ્યામાં સર્વ સમાજના મુલાકાતીઓએ રહેવા-જમવાની ઉત્તમ સુવિધાનો લાભ લીધો છે. ખૂબ જ ટૂંકા ગાળામાં સોમનાથ આવતા દર્શનાર્થીઓ માટે રહેવા અને જમવા માટેનું પ્રથમ પસંદગીનું સ્થળ શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન બની ગયું છે. આ ભવનની સુવિધાનો લાભ અનેક સંતો-મહંતો અને રાજકીય-સામાજિક અગ્રણીઓએ પણ લીધો છે. આ ભવનમાં અત્યાધુનિક સુવિધા સભ ૬૪ એસી રૂમ અને ડોરમેટરી છે. જ્યારે સવારે, બપોરે અને સાંજે શુદ્ધ અને સાત્વિક નાસ્તા અને ભોજનની પણ વ્યવસ્થા છે. શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવનમાં સર્વ સમાજના મુલાકાતીઓને રહેવા-જમવાની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. તો વધુ ને વધુ લોકો આ સુવિધાનો લાભ લે તેવી શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન- વેરાવળ સોમનાથ ટ્રસ્ટ સૌને અપીલ સહ આમંત્રણ પાઠવે છે. બુકિંગ માટે ૮૭૫૮૭ ૮૮૮૬૦/૬૧ નંબર પર સંપર્ક કરવો. તેમ જણાવ્યું છે.

લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન-વેરાવળ સોમનાથને સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ

ગળામાં ચાંદા પડે તેવો ૨૦૦૦ કિલો મુખવાસ પકડાયો

અમૃત મુખવાસ અને પ્રકાશ સ્ટોર્સમાં મનપાની ફૂડ શાખાની રેડ, મુખવાસમાં પાણી નાખતાં જ ઘાટો રંગ છૂટો પડ્યો

રાજકોટ,તા.૭

રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ શાખાએ પરાબજારમાં અમૃત મુખવાસ નામની પેઢીમાં તપાસ કરતા ત્યાં એક એક કિલો પેકિંગના પેકિંગ મળ્યા હતા પણ તેમાં બ્રાન્ડ સિવાય બીજી કોઇ વિગતો એટલે કે મેન્યુ. તારીખ, બેચ નંબર, કઈ વસ્તુ છે તે સહિતની વિગતો ન જોવા મળતા નિયમભંગ સ્પષ્ટ દેખાયો હતો પણ મુખવાસના પેકેટ ખોલતા માત્ર કલર જ હાથમાં આવતા જ કલર છૂટો પડ્યો હતો.

જેથી દરેક પ્રકારના મુખવાસને અલગ અલગ ડબ્બીમાં નાખી તેમાં પાણી નાખી હલાવીને પ્રાથમિક તપાસ કરી હતી. જોકે પાણી નાખતા જ મોટા પ્રમાણમાં રંગ છૂટો પડ્યો હતો. ફૂડ શાખાના જણાવ્યા અનુસાર ખાદ્ય પદાર્થોમાં ૧૦૦ પીપીએમ સુધીની માત્રામાં જ રંગ નાખવાની છૂટ હોય છે. તેનાથી વધુ રંગ હોય તો ગળામાં ઈન્ફેક્શન, ચાંદા પડવા જેવી સમસ્યા થઈ શકે છે. આ કારણે સ્થળ પરથી ૧૦૪૦ કિલો જેટલો જથ્થો સીઝ કરીને સેમ્પલ લેવામાં આવ્યા હતા.

સેમ્પલ તેમજ અન્ય વિગતો લેવામાં આવતા આ પેઢીના માલિક અમૃત કેશવલાલ નંદા તેમજ કેતન અમૃત નંદા હોવાનું નોંધાવાયું હતું. તેમજ અમૃત મુખવાસ કરતા પણ બીજી જૂની પેઢી લાખાજીરાજ રોડ પર પ્રહલાદ ટોકીઝ પાસે પ્રકાશ સ્ટોર્સ નામની દુકાન આવેલી છે જે વર્ષો જૂની છે. ત્યાં પણ તપાસ કરવામાં આવતા અમૃત મુખવાસની જેમ રંગમાં રગદોળેલો હલકી ગુણવત્તાનો જ માલ

મળ્યો હતો તેથી તે સ્થળેથી બીજા ૧૦૨૫ કિલો મુખવાસનો જથ્થો સીઝ કરીને ત્યાંથી પણ સેમ્પલ લેવામાં આવ્યા છે. ફૂડ શાખાએ જણાવ્યું હતું કે, પેઢીના સંચાલકો પોતે જ આ મુખવાસ તૈયાર કરે છે અને જામનગરી મુખવાસ, બંગાળી મુખવાસ, પંજાબી મુખવાસ તરીકે વેચે છે. મુખવાસ

બનાવવાનું કામ નવાગામમાં કરવામાં આવે છે જે રાજકોટ મહાનગરપાલિકાની હદ બહારનો વિસ્તાર હોવાથી જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સને જાણ કરવામાં આવશે અને ત્યાં તે વિભાગતપાસ કરશે.

ફૂડ શાખાને આ મુખવાસ મામલે સૌથી મોટી શંકા તેના ભાવને લઈને ગઈ હતી. આ બંને સ્થળે દુકાનમાં એક એક કિલોના અનેક પેકિંગ કર્યા હતા જેથી એ પણ અંદાજ આવતો હતો કે એક કિલોના પેકિંગમાં જ વેચાણ થાય છે. જોકે ફક્ત ૧૦૦થી ૧૫૦ના ભાવે એક કિલો મુખવાસ વેચાતો હતો. ગુણવત્તાયુક્ત મુખવાસ કે જે નિયમ મુજબ ઉત્પાદિત કરાયો હોય તેનો ભાવ સહેજે ૨૫૦થી ૩૦૦ રૂપિયા જેટલો હોય છે. તેને બદલે અડધા ભાવમાં મુખવાસ વેચાતો હોવાથી શંકા ગઈ હતી કે હલકી ગુણવત્તાની વરિયાળી, ધાણાદાળ, અળસી, તલ સહિતની વસ્તુઓ જથ્થાબંધ ભાવે લઈને તેનો સ્વાદ અને દેખાવ દબાવવા માટે ખાંડની ચાસણી અને મોટા પાયે રંગ નાખી નફાખોરી કરવાનો જૂનો દાવ અપનાવાયો છે. તેથી જ થોડો મુખવાસ લઈને પાણી નાખીને રંગ ચકાસાયો હતો. સેમ્પલ લેબમાં મોકલાયા છે જેના રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી કરાશે.

દિવાળી બાદ ઘણા લોકોના ગળા બેસી જવા, ચાંદા પડવા તેમજ ગળામાં ઈન્ફેક્શન થવાની ફરિયાદ રહે છે. આ પાછળ મીઠાઈઓ તેમજ ઉજાગરાને ગણાવીને નજર અંદાજ કરી દેવાય છે પણ હકીકતે આવા ભેળસેળિયા મુખવાસને કારણે તબિયત બગડે છે. નવા વર્ષે અલગ અલગ પરિવારો પાસે જઈને શુભેચ્છા આપવાની હોય છે અને જેમનું ઘર હોય તેઓ પણ મહેમાનોને હોંશે હોંશે મુખવાસની સલાહ કરે છે. આ રીતે ઘણા સ્થળોએ મુખવાસ ચપટી ચપટી લેવાય છે પણ ભારે માત્રામાં રંગ હોવાથી ગળાની સમસ્યાઓ થઈ જાય છે.

ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહ ની પરીક્ષા ૧૧મી માર્ચથી ૨૨ માર્ચ, ૨૦૨૪ દરમિયાન યોજાશે

પ્રશ્નોમાં આંતરિક વિકલ્પને બદલે જનરલ વિકલ્પ અપાશે

ગાંધીનગર,તા.૦૭

ધોરણ ૧૨ બોર્ડ પરીક્ષા અંગે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ૨૦૨૪ ના લેવાનાર પરીક્ષાના ફોર્મ ભરવા માટે બોર્ડ તરફથી સુચનાઓ જાહેર કરાઈ છે. વિદ્યાર્થીઓ ૬ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બર સુધી પરીક્ષા ફોર્મ ભરી શકશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉત્તર બુનિયાદી વિદ્યાર્થીઓને લાગુ પડશે. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ ની પરીક્ષા ૧૧મી માર્ચથી ૨૨ માર્ચ, ૨૦૨૪ દરમિયાન યોજાશે. જોકે, ધોરણ-૧૨ પછી લેવાતા ગુજકેટની પરીક્ષા ૨ એપ્રિલના રોજ લેવાશે. આ ઉપરાંત ધોરણ ૧૦ નો સમય પરીક્ષાનો સવારનો રહેશે. તો ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનો પરીક્ષાનો સમય બપોર બાદનો રહેશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું કે, ધોરણ-૧૦, સંસ્કૃત પ્રથમા અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત મધ્યમાના ઉમેદવારો માર્ચ - ૨૦૨૪ની પરીક્ષા તા.૧૧/૦૩/૨૦૨૪ થી તા.૨૬/૦૩/૨૦૨૪ દરમ્યાન લેવાનાર છે. આ પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે, જેન તમામ વિદ્યાર્થીઓએ, વાલીઓએ તથા શાળાના આચાર્યઓએ નોંધ લેવી. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત બોર્ડની પરીક્ષાઓ માટે મોટા ફેરફાર કરાયા છે. પરંતુ ધોરણ ૧૨ની સાયન્સ બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વાર લેવાશે. માર્ચની બોર્ડ પરીક્ષા બાદ જુલાઈમા બે વિષયની પૂરક પરીક્ષાને બદલે તમામ વિષયોને ૧૨ સાયન્સ બોર્ડની પરીક્ષા થશે. જોકે, આ બાદ બંને પરીક્ષામાંથી જે બેસ્ટ પરિણામ હશે, તેને ધ્યાનમાં લેવાશે. જ્યારે કે, ધોરણ-૧૦ ની પૂરક પરીક્ષા બેને બદલે ત્રણ અને ધોરણ ૧૨ ની સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા એકને બદલે બે વિષય માટે લેવાશે. સરકાર દ્વારા બોર્ડની પરીક્ષાઓની પેટર્નમાં પણ મોટો બદલાવ કરવામા આવ્યો છે, તે મુજબ હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારી દેવાયું છે. બોર્ડની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારાયું છે. પ્રશ્નોમાં આંતરિક વિકલ્પને બદલે જનરલ વિકલ્પ અપાશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં તમામ વિષયોની પરીક્ષા લેવાશે.

રાજકોટ ડિવિઝનની બસમાં મફત મુસાફરી કરતા ૩૮ લોકો અને ગેરરીતિ કરતા ૪ કંડકટરોને ઝડપી પાડ્યા

કંડકટરે પૈસા લઇ ટિકિટ ન આપી : ૧૧૭ ખાનગી વાહનોને ડિટેઇન કર્યા

રાજકોટ,તા.૭

રાજકોટ એસટી વિભાગની લાઇન ચેકિંગ સ્કવોડ અને વિજિલન્સની ટીમો દ્વારા હાઇવે પર અને શહેરમાં નો-પાર્કિંગ ઝોનનો ભંગ કરતાં ખાનગી વાહનો અને એસટીના વાહનોની ચેકિંગ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ગત માસ દરમિયાન એસટી વિભાગની લાઇન ચેકિંગ સ્કવોડે કંડક્ટરો અને બસમાં મફત મુસાફરી કરતા યાત્રીઓની ગેરરીતિનો પર્દાફાશ કરી દંડાત્મક કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત ઓકટોબર માસ દરમિયાન રાજકોટ એસટી વિભાગની લાઇન ચેકિંગ સ્કવોડ દ્વારા જુદા જુદા હાઇવે ઉપર જુદા જુદા સ્ટોની ૨૧૭૫ બસો ચેક કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન ૪ કંડક્ટરો દ્વારા મુસફરો પાસેથી ટિકિટના પૈસા લઇ ટિકિટ નહીં આપ્યાનું બહાર આવ્યું હતું. આથી આવા કંડક્ટરો સામે તંત્રએ ખાતાકીય કાર્યવાહી હાથ ધરી હતી. આ ચેકિંગ દરમિયાન જુદા જુદા સ્ટોની બસોમાંથી ૩૮ જેટલા ખુદાબક્ષ મુસાફરો પણ ટિકિટ વિના મુસાફરી કરતાં ઝડપાઇ ગયા હતાં.

દિવાળીનાં તહેવારોમાં ૪૩ કેદીને પેરોલ આપવા કલેકટર સમક્ષ દરખાસ્ત મૂકાઈ

રાજકોટ,તા.૭

રાજકોટ જિલ્લા જેલમાંથી દિવાળીનાં તહેવારોને લઈને ૪૩ જેટલા કેદીઓને પેરોલ આપવા માટે જીલ્લા જેલના જેલર દ્વારા કલેકટર સમક્ષ દરખાસ્ત કરી દેવામાં આવી છે. જેમાં ૨૬ પુરૂષ કેદી અને ૧૭ મહિલા કેદીઓનો સમાવેશ થાય છે. પ્રકાશ પર્વ દિપાવલી પ્રસંગે સારી વર્તણૂકવાળા આવા કેદીઓ તેના પરિવાર સાથે દિપાવલી અને નૂતન વર્ષનો તહેવાર મનાવી શકે તે માટે પેરોલ આપવામાં આવે છે. કલેકટરને આ કેદીઓને પેરોલ આપવાના પાવર હોય જીલ્લા જેલના ૪૩ કેદીને ૧૫ દિવસની પેરોલ આપવા માટે કલેકટરને રજૂઆત કરવામાં આવી છે.

ક્રાઈમ કોર્નર

કારખાનામાં આવતા અવાજ મુદ્દે કારખાનેદાર પર હુમલો

શહેરના કાલાવડ રોડ, આલાપ એવન્યુમાં રહેતા તુષારભાઈ પુનિતભાઈ પલસાણા નામના કારખાનેદાર પર માંડાડુંગર, ગોકુલપાર્કમાં રહેતા નરેશ ચંદુ મકવાણા નામના શખ્સે છરીના બે ઘા ઝીંકી ઈજા પહોંચાડ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.ઈજાગ્રસ્ત કારખાનેદારની ફરિયાદ મુજબ, તેનું માંડાડુંગર, શિવશક્તિ સોસાયટી-૧માં રાધેશ્યામ મેટલ નામનું કારખાનું આવેલું છે. રવિવારે બપોરે પોતે કાકા, મહેતાજી સાથે કારખાને હતા. ત્યારે કારખાનાની પાછળ રહેતા નરેશ મકવાણા કારખાને આવી તમારા કારખાનામાંથી બહુ અવાજ આવે છે, અમારા છોકરાઓ સુઈ શકતા નથી તેમ કહી ઝઘડો કર્યો હતો. બાદમાં તમે કોમન પ્લોટમાં મંદિર અને બીજું ચણતર કરી મારા ઘરમાં હવાઉજાસ પણ બંધ કરી દીધી છે કહી ગાળો ભાંડી હતી. ગાળો દેવાની ના પાડતા તે ઉશ્કેરાય જઈ છરીથી હુમલો કરી નાસી ગયો હતો. હુમલામાં પેટમાં તેમજ હાથમાં ઈજા થતા પોતાને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. આજી ડેમ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

માતાજીના આભૂષણ ચોરનાર પકડાયો

શહેરના બેડીપરા લંગડા હનુમાનવાળી શેરીમાં રહેતા ટ્રાન્સપોર્ટર પરેશભાઈ નારણભાઈ ખંટિ નામના યુવાને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ભાનુકારાવાળી શેરીમાં ગાત્રાળ માતાજીનો મઢ આવેલો છે. જે મઢની સેવાપૂજા કરે છે. દરમિયાન રવિવારે સવારે માતાજીના મઢે દર્શન કરવા પહોંચ્યો હતો.દર્શન કરતી વખતે માતાજીના કાનમાં પહેરાવેલા આશરે એક તોલાના સોનાના ઝૂમર જોવા મળ્યાં ન હતા. મઢમાં તપાસ કરવા છતાં માતાજીને ચડાવેલા આભૂષણ જોવા મળ્યાં ન હતા. ચોરી થયાનું માલૂમ પડતા અડધા લાખની કિંમતના આભૂષણની ચોરી અંગે બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદને પગલે પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમીયાન માતાજીના મઢમાં ચોરી કરનાર ભગવતીપરા-૩માં રહેતા યોગેશ ગુણવંત ભલગામા નામના શખ્સને ઝડપી લીધો હતો. તેની પાસેથી ચોરાઉ આભૂષણ તેમજ એક રીક્ષા કબજે કરી છે.

નકલી ફેસવોશનું વેચાણ કરતી દિલ્હીની પેઢી સામે ફરિયાદ

રાજકોટની સ્કિન કેર અને હેર કેરની ચીજવસ્તુઓ બનાવતી કંપનીના નામનો દુરુપયોગ કરી ડુપ્લિકેટ પ્રોડક્ટ વેચાણ કરતી દિલ્હીની પેઢી સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાઇ છે.રૈયા રોડ, રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતા અજયભાઈ મેઘરાજભાઈ વંજાણી નામના યુવાને નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે દિલ્હીની અબુએરા ટ્રેડિંગ નામની પેઢીનું નામ જણાવ્યું છે. યુવાનની ફરિયાદ મુજબ, તેમની કંપનીમાં ૧૦થી વધુ મેકઅપ, બ્યુટી ટ્રીટમેન્ટની પ્રોડક્ટનું ઉત્પાદન કરી દેશમાં વેચાણ કરે છે. દરમિયાન કંપનીના કસ્ટમર કેર પર એક ગ્રાહકે ફોન કરી તમારી કંપનીનું ફેસવોશ સાવ અલગ પ્રકારનું હોવાની ફરિયાદ કરી અને તેને અમારી પ્રોડક્ટ ઓનલાઇન ખરીદ કર્યાનું અને તેની રસીદમાં દિલ્હીની અબુએરા ટ્રેડિંગનું નામ લખેલું હોવાનું જણાવ્યું હતું. બાદમાં ગ્રાહક પાસેથી પ્રોડક્ટના ફોટા મગાવ્યા. જેમાં કંપનીનો થોડો બદલેલો લોગો, એક્સપાયરીની તારીખ સહિતની વિગતો જોવા મળી ન હતી. જેથી ગ્રાહકે ખરીદેલી પ્રોડક્ટ રાજકોટ મગાવી હતી. જે પ્રોડક્ટ અમારી કંપનીની નહિ હોવાનું અને ભળતું નામ તેમજ ભળતો લોગો જોવા મળ્યો. કંપનીના નામે લોકો સાથે છેતરપિંડી કરનાર દિલ્હીની પેઢી સામે પોલીસમાં કોપીરાઇટ એક્ટ તેમજ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

સાળાને છોડાવવા વચ્ચે પડેલા યુવાન પર ધોકાથી હુમલો, લૂંટ

શહેરની ભાગોળે સામાન્ય બાબતે ચાર શખ્સે પાનના ધંધાર્થી અને તેના બનેવી પર હુમલો કરી દુકાનમાંથી રોકડની લૂંટ ચલાવ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. કોઠારિયા સોલવન્ટ, ગોપાલનગર-૯માં રહેતા મહેશ કમાભાઈ બોળિયા નામના યુવાને ભૂરો સીટી,ભાણો સહિત ચાર શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. ઈજાગ્રસ્ત યુવાનની ફરિયાદ મુજબ, રવિવારે રાતે ઘર પાસે કૌટુંબિક સાળા નવઘણ સોહલાની પાનની દુકાને પાન ખાવા ગયો હતો. આ સમયે ઉપરોકત ચારેય આરોપી દુકાને આવી ગાળો બોલતા હોય સાળાએ ગાળો બોલવાની ના પાડી હતી. જેનો ખાર રાખી ચારેય શખ્સ સાળાને માર મારતા હતા. પોતે ત્યાં જતા સાળાને બચાવવા વચ્ચે પડતા ચારેય શખ્સ પોતાના પર ધોકાથી તૂટી પડ્યા હતા. બાદમાં સાળાની દુકાનના કાઉન્ટરમાંથી રોકડા રૂ.૪ હજારની લૂંટ ચલાવી નાસી ગયા હતા. હુમલામાં પોતાને માથામાં ઈજા થઈ હોવાથી ૧૦૮ને બોલાવી સારવાર માટે હોસ્પિટલ પહોંચ્યો હતો. પોલીસે ફરિયાદ પરથી ચારેય શખ્સ સામે હુમલો કરી લૂંટ ચલાવ્યાનો ગુનો નોંધ્યો છે.

અકસ્માતમાં ઘવાયેલા પ્રૌઢનું સારવારમાં મોત

સરધારના લાખાપર નજીક અકસ્માતમાં ઘવાયેલા પ્રૌઢનું મોત નીપજ્યું હતું. રાજકોટમાં મોરબી રોડ પરની મહેશ્વરી સોસાયટીમાં રહેતા મનસુખભાઈ મોહનભાઈ મંડલી (ઉ.વ.૫૫) અને તેનો ભત્રીજો ગત તા.૨૧ ઓક્ટોબરે બાઇક પર સરધાર ચામુંડા માતાજીના મંદિરે દર્શન કરવા ગયા હતા અને ત્યાંથી પરત આવતા હતા ત્યારે કારે બાઇકને ઠોકરે ચડાવ્યું હતું. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા મનસુખભાઇને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેમનું સોમવારે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મનસુખભાઇ ચાર બહેન અને ત્રણ ભાઈમાં ચોથા નંબરના હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. બનાવથી મંડલી પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

ખુલ્લા ઘરમાં પ્રવેશી તસ્કર ૧૧.૪૦ લાખના ઘરેણાંની ચોરી કરી ગયા

શહેરના મવડી પોલીસ હેડ ક્વાર્ટર સામે જીવરાજ પાર્કમાં વ્રજ એપાર્ટમેન્ટમાં રહેતા નીતાબેન દિલીપભાઈ કાપડિયા નામના પ્રૌઢાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ત્રણ સંતાન પૈકી બે દીકરી સાસરે છે, પુત્ર ભરૂચ નોકરી કરે છે. જ્યારે રાજકોટમાં દૂધની દુકાન ધરાવતા પતિ, સાસુ અને પોતે અહીં રહે છે. ગત તા.૧ના રોજ ઘરમાં સાફ સફાઇ કરવાની હતી. જેથી ઘરમાં રહેલા રૂ.૧૧.૪૦ લાખની કિંમતના કુલ ૩૨.૬ તોલા સોનાના ઘરેણાં લોખંડના કબાટમાં મુક્યા હતા.બાદમાં સાંજે પોતે ચારથી છ વચ્ચે પતિને મદદ કરવા દુકાને જતા હોય પોતે દુકાને જવા નીકળ્યા હતા. ઘરને માત્ર આંકડિયો લગાવીને ગઇ હતી. સોનાની કડલી પહેરવી હોવાથી કબાટમાં પર્સમાં રાખેલા સોનાના ઘરેણાં કાઢવા ગઇ હતી. આ સમયે કબાટમાં ઘરેણાં ભરેલું પર્સ મળ્યું ન હતું. પતિને બનાવની વાત કરતા બંનેએ ઘરમાં શોધખોળ કરી હતી, પરંતુ ઘરેણાંનું પર્સ મળ્યું ન હતું. કબાટના લોક પણ હેમખેમ હોય શરૂઆતમાં ચોરીની કોઇ શંકા ગઇ ન હતી, પરંતુ ચાવી કબાટ પાસેની ખીંટી પર રાખતા હોય સાંજના ચારથી છ વાગ્યાના સમયગાળામાં ખુલ્લા ઘરમાં કોઇ અંદર પ્રવેશી ખીંટીએ ટીંગાડેલી ચાવીથી કબાટ ખોલી અંદરથી રૂ.૧૧.૪૦ લાખની કિંમતના ઘરેણાંનું પર્સ ચોરી કરી હોવાની શંકા ઉપજી હતી. અંતે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વિસ્તારના સીસીટીવી કેમેરા ચેક કરી ખુલ્લા ઘરમાં હાથફેરો કરનાર તસ્કરનું પગેરું મેળવવા તપાસ શરૂ કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૩,૦૧૪ તલાટી કમ મંત્રી અને ૯૯૮ જૂનિયર ક્લાર્કને નોકરીના નિમણૂક પત્રો એનાયત

ગાંધીનગર,તા.૦૭

ગુજરાતમાં તલાટી કમ મંત્રી અને જુનિયર ક્લાર્કની પરીક્ષાના ઉમેદવારોની આતુરતાનો આખરે અંત આવ્યો છે. ગાંધીનગરમાં આજે તલાટી કમ મંત્રી અને જૂનિયર ક્લાર્કને નિમણૂંક પત્ર એનાયત કરાયા છે. આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ઉમેદવારોને નિમણૂંક પત્ર એનાયત કરાયા છે. જેમાં પંચાયત સેવાના ૩૦૧૪ તલાટી કમ મંત્રીને નોકરી મળશે. તો ૯૯૮ જૂનિયર ક્લાર્કને ગુજરાતના નિમણૂંક પત્ર એનાયત કરાયા છે. તલાટી અને જુનિયર ક્લાર્કની પરીક્ષા પાસ કરીને સરકારી નોકરી મેળવાનારા ઉમેદવારોને આજે નિમણૂંક પત્રો એનાયત કરાયા છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આયોજનત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે નિમણૂંક પત્ર એનાયત કરાયા છે. તલાટી ,જુનિયર ક્લાર્ક ઈંગલિશ સ્ટેનોગ્રાફર સહિત આશરે ૪૫૦૦ ઉમેદવારને નિમણૂંક પત્ર અપાયા છે. સાથે જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નિમણુંક પત્ર લેનાર ઉમેદવારો માટે પીએમ મોદી દ્વારા અપાયેલા સંદેશ વાંચીને સંભળાવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલના વખાણ કર્યા હતા. મુખ્યમંત્રીએ હસમુખ પટેલનું નામ લેતા જ ઉમેદવારોએ તાલીઓ પાડી હતી, હોલના તાળીઓનો ગડગડાટ થઈ ગયો હતો. મુખ્યમંત્રીએ કહ્યું કે, કામ કેવી રીતે કરવું એ એમની પાસેથી શીખવાનું છે. ખાલી તાલીઓ પાડવાથી નહી એમના જેવુ કામ કરી જીવવામાં ઉતારવાની જરૂર છે. હસમુખભાઈનું નામ પડે એટલે તાળીયો પડે જ. સેવા કેવી રીતે કરાય એકલી તાળીયો પાડવાથી નહી ચાલે તમારે સેવા પણ એવી જ કરવી પડશે કે તાળીયો પડે. મુખ્યમંત્રીએ સરકારી નોકરી મેળવનારા ઉમેદવારોને જણાવ્યું કે, અમારે ચર્ચા હતી કે દિવાળી પહેલા નિમણૂંક પત્રો આપીએ માટે ઝડપ કરી આજે કાર્યક્રમ ગોઠવ્યો છે. પીએમએ પોતાની કાર્યપદ્ધતિ એવી બનાવી છો કે વધુ પારદર્શિતા આવે. દરેક વિભાગમાં કાર્ય થાય છે તેમાં ડિજીટલ ઉપયોગ વધુ થાય. ગુડ ગવર્નન્સ અને સેવા બે પેરેલલ કરવું પડે. સેવા તો જ થઈ શકશે. નોકરી મળે ત્યારે પગાર શું છે સીધુ એજ મગજમાં આવે. પૈસા અને પૈસા ની જરૂરીયાત દરેક માણસને હોય. પગાર હોદો મગજમાં હોય તો સેવા કઈ રીતે થઈ શકશે. પરિક્ષા આપો આગળ વધતા જાઓ. વિકાસ જે રીતે થાય છે એની ગતિ આગળ વધારીએ તેવો પ્રયત્ન કરવો જોઈએ. પંચાયત સેવા બોર્ડ દ્વારા જિલ્લા ફાળવણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. જેમાં ૧૨ ઓક્ટોમ્બર સુધી તલાટીની અને ૧૭ ઓક્ટોમ્બર સુધી જુનિયર ક્લાર્કના ઉમેદવારોને જિલ્લા ફાળવણી કરવામાં આવી છે.

ગોંડલ રોડ પર જૂની ટીબી હોસ્પિટલ પાસેની ઘટના

પ્રથમ હાઇટ્સ એપાર્ટમેન્ટમાં લિફ્ટમાં દબાઇ જવાથી મહિલાનું મોત

રાજકોટ,તા.૭

શહેરની ભાગોળે ગોંડલ રોડ પર જૂની ટીબી હોસ્પિટલ પાછળ પ્રથમ હાઇટ્સ નામના એપાર્ટમેન્ટમાં લિફ્ટમાં દબાઇ જવાથી મહિલાનું મોત નીપજ્યું હતું.જૂની ટીબી હોસ્પિટલ પાછળ આવેલા પ્રથમ હાઇટ્સ એપાર્ટમેન્ટના બીજા માળે રહેતા રસીલાબેન પ્રભુદાસભાઇ નાથજી (ઉ.વ.૫૫) નામના પ્રૌઢા રવિવારે સાંજે પોતાના ઘરે હતા અને તેમને બીજા માળેથી ગ્રાઉન્ડ ફલોર પર જવું હોય રસીલાબેન બીજા માળે આવેલી લિફ્ટ પાસે પહોંચ્યા હતા અને સ્વિચ દબાવતા લિફ્ટ આવી હતી. લિફ્ટમાં અગાઉથી એક વ્યક્તિ હાજર હતી.

રસીલાબેને લિફ્ટમાં પગ મૂકતા જ લિફ્ટ નીચે જવાને બદલે ઉપર જવા લાગી હતી અને રસીલાબેન હજુ લિફ્ટની અંદર પ્રવેશ્યા નહીં હોવાથી લિફ્ટ અને દીવાલ વચ્ચે દબાઇ ગયા હતા અને બેભાન થઇ ગયા હતા.ઘટનાને પગલે એપાર્ટમેન્ટના લોકો એકઠા થઇ ગયા હતા અને લિફ્ટ બંધ કરી પ્રૌઢાને ભારે જહેમત બાદ બહાર કાઢી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતાં શાપર પોલીસ દોડી ગઇ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, રસીલાબેનના પતિ પ્રભુદાસભાઇ નાથજી અતુલ મોટર્સમાં નોકરી કરે છે. બનાવથી પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી. ઘટના અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

દેશમાં કુલ ૫૮૯૯ CNG સ્ટેશનમાંથી ૧૭ ટકા જેટલા સ્ટેશનનું નેટવર્ક ગુજરાતમાં

ગુજરાત CNG સ્ટેશન, PNG કનેકશનમાં ટોચ પર : ગુજરાતમાં ૧૦૦૨ CNG સ્ટેશન, PNGના ૩૦.૭૮ લાખ કનેકશન



ગાંધીનગર,તા.૦૭

વર્ષ ૨૦૭૦ સુધીમાં દેશના કાર્બન ઉત્સર્જનને નેટ ઝીરો કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાર્થક કરવાની દિશામાં, ગુજરાતની એક સક્રિય ભાગીદારી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પર્યાવરણને અનુકૂળ નીતિઓ દ્વારા આર્થિક વિકાસ તરફ રાજ્ય અગ્રેસર છે. પરિણામે, ગુજરાત પ્રદૂષણ મુક્ત થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આજે, **CNG** સ્ટેશનની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ટૉપ પર પહોંચી ગયું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર જુલાઇ ૨૦૨૩ સુધીમાં, ગુજરાતમાં ૧૦૦૨ **CNG** સ્ટેશન છે, જેનું નેટવર્ક રાજ્યના ૩૩ જિલ્લાઓને આવરી લે છે. **CNG** સ્ટેશનની સંખ્યામાં ગુજરાત બાદ ઉત્તરપ્રદેશ (૮૧૯), મહારાષ્ટ્ર (૭૭૮), રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ક્ષેત્ર (કેન્દ્રશાસિત પ્રદેશ -૪૮૦) અને હરિયાણા (૩૪૯) છે. જુલાઇ ૨૦૨૩ સુધીમાં ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૫૮૯૯ સ્ટેશન છે, જેમાંથી ૧૭ ટકા જેટલા ગુજરાતમાં છે. આ તમામ આંકડા પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા અપડેટ કરવામાં આવ્યા છે. જુલાઇ ૨૦૨૩ સુધીમાં ભારતમાં કુલ ૧,૧૪,૪૬,૬૪૬ ઘરગથ્થુ પાઇપ્ડ નેચરલ ગેસ કનેક્શન છે, જેમાંથી ગુજરાતની સંખ્યા ૩૦,૭૮,૧૬૨ છે. તે સિવાય રાજ્યમાં ૨૨,૭૨૨ વ્યવસાસિક અને ૫૭૩૩ ઔદ્યોગિક કનેક્શન છે.

યાર્ડમાં ૧૬ લાખ કિલો મગફળી, ૮૨ હજાર કિલો કપાસની આવક

રાજકોટ,તા.૭

રાજકોટમાં દિવાળી પૂર્વે યાર્ડમાં જણસીની આવક વધી છે. સોમવારે ખૂલતી બજારે યાર્ડમાં ૧૬ લાખ કિલો મગફળીની આવક થઈ હતી જ્યારે કપાસની આવક ૮૨ હજાર કિલોએ પહોંચી હતી. કુલ ૩૨ જણસીની આવક થઈ હતી.જેમાં ભાવની સૌથી ઊંચી સપાટી તલની રૂ.૩૪૫૦ રહી હતી જ્યારે મગફળીની આવ

તસવીરઃદિલીપ ગોહેલ

કોમ્પ્યુટર યુગમાં પણ કેલેન્ડર અને ડટ્ટાનું ચલણ હજુ અકબંધઃ નવા ચોપડાની ખરીદી

ટેબલ કેલેન્ડરની માગ રહેવાની વેપારીઓને આશાઃ રૂ.૩૦થી ૬૦ની કિંમતના ડટ્ટામાં જીણવટભરી ઉપયોગી માહિતીનો સમાવેશ

રાજકોટ : આજના કોમ્પ્યુટર યુગમાં કેલેન્ડર અને ડટ્ટાનું ચલણ અકબંધ રહેવ પામ્યું છે. દેવી-દેવતાઓના ચિત્રો સાથેના ધાર્મિક કેલેન્ડરોનું વેંચાણ સૌથી વધુ થાય છે. કુદરતી દ્રશ્ય સાથેના કેલેન્ડરો ઉચ્ચ વર્ગમાં વધુ પ્રચલિત છે. બજારમાં રૂ.૩૦થી લઈને રૂ.૬૦ સુધીની કિંમતના ત્રણ પ્રકારના ડટ્ટા, નાનો-મોટો અને જમ્બો મુકવામાં આવ્યા છે જેને લોકો પસંદગી મુજબ ખરીદી રહ્યા હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું.

વિવિધ ધાર્મિક ફોટા સાથેનું કેલેન્ડર બજારમાં વર્ષોથી જોવા મળે છે.ઉપરાંત કુદરતી દ્રશ્યવાળા કેલેન્ડર ખરીદવાનો કેટલાક લોકો આગ્રહ રાખતા. આ કેલેન્ડર સાથે દટ્ટાનું દિવાળીના દિવસે ચોપડા પુજન સમયે પૂજન કરવામાં આવે છે. ચોઘડીયા સહિત તમામ માહિતી તારીખીયાળા હોવાના કારણે લોકોને ઘણી સરળતા રહે છે. કિંમતમાં સસ્તા આ કેલેન્ડર અને ડટ્ટા, વર્ષભર જાહેરાતનું સરળ માધ્યમ બની રહે છે. કંપની, સ્ટોર કે દુકાનદાર પોતાની જાહેરાત છપાવી પોતાના ગ્રાહકોને ફ્રીમાં દિવાળી ગીફ્ટ તરીકે આપે છે. વિશેષમાં વિવિધ મંદિરો દ્વારા કેલેન્ડર પ્રકાશિત કરવામાં આવે છે. વર્ષોથી આ વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીએ જણાવ્યું હતું કે, તે સમય ટ્રેડલનો હતો છતાં પણ તેમાં કચ્છના વિવિધ મેળા-મલાખડાથી લઈને તમામ ઉપયોગી માહિતી તેમાં મુકવામાં આવતી. આ સમયે ડટ્ટાનું નિર્માણ કાર્ય હોળીથી જ શરૂ કરી દેવામાં આવતું ત્યારે દિવાળીના પર્વ પહેલાં ડટ્ટો તૈયાર થતો. ૧૯૯૬થી કોમ્પ્યુટર યુગની શરૂઆત થતાં ટ્રેડલને બદલે કોમ્પ્યુટરાઈઝ ડટ્ટાનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું. છેલ્લા થોડા વર્ષોથી લેબર વર્ક સહિતનો ખર્ચ વાધી જતા ડટ્ટાની કિંમત વાધારવાના બદલે પ્રિન્ટીંગ માટે અમદાવાદ મોકલવાનું શરૂ કરવામાં આવ્યું અને ત્યાંથી છપાઈને પરત આવ્યા બાદ ઓર્ડર મુજબ વિતરણ કરી દેવામાં આવે છે. કચ્છમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ આ ડટ્ટો આજની તારીખે લોકપ્રિય છે. અત્યારે માર્કેટમાં રૂ.૩૦ થી લઈને રૂ.૬૦ સુધીની કિંમતના ત્રણ પ્રકારના ડટ્ટા નાનો-મોટો અને જમ્બો મુકવામાં આવ્યા છે. ટેબલ ડટ્ટાની વિશેષતા એ છે કે, તેને લટકાવવા માટે કેલેન્ડરની જરૂર નાથી રહેતી. પોતાના ટેબલ ઉપર જ તેને મુકી શકાય છે. રોજે રોજનું પાનુ ન ફાડવુ પડે જોથી તેનું પણ વેચાણ વાધશે તેવું કહ્યુ હતું.દિવાળીના દિવસે વેપારીઓ દ્વારા ચોપડા પૂજન કરવામાં આવે છે.દર વર્ષે ચોપડા પૂજન માટે વેપારીઓ નવા ચોપડાની ખરીદી કરે છે ત્યારે આ વર્ષે કાગળના ભાવમાં વધારો થતા વેપારીઓ માટે ચોપડા પૂજન મોંઘું થશે. આ વર્ષે ચોપડાના ભાવમાં ૪૦ ટકા જેટલો ભાવ વધારો થયો છે. જો કે આમ છતાં બજારમાં ચોપડાની ખરીદી ખૂબ જ સારા પ્રમાણમાં થઈ છે. દિવાળીને લઈને તમામ દુકાનોમાં ચોપડા, રોજમેળ, ખાતાવહી સહિતનું વેચાણ કરવામાં આવે છે. આ બજારમાં ૫૦૦૦ જેટલા કારીગર ચોપડા બનાવવાનું કામ કરે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીને લઈને મોટી સંખ્યામાં ચોપડા બનાવવામાં આવી રહ્યા છે. આ વર્ષે કાગળ અને રો મટીરીયલના ભાવમાં વધારો થતાં ચોપડાના ભાવમાં વધારો થયો છે. અગાઉ ૨૦૦ રૂપિયામાં મળતા રોજમેળનો ભાવ વધીને ૨૫૦ થયો છે જ્યારે અડધીયાનો ભાવ ૩૦૦ ચાલી રહ્યો છે. આ ઉપરાંત આખા રોજમેળ ૪૫૦ સુધી મળતા હતા તેનો ભાવ ૬૦૦એ પહોંચ્યો છે

બામણબોર પાસે કાઈમ બ્રાંચના દરોડા, દિવાળી પૂર્વે ૨૪.૧૯ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

રાજકોટ.તા.૭

દિવાળીના તહેવારો શરૂ થઈ ગયા છે. ત્યારે બુટલેગરે દિવાળીના તહેવારો પર ધૂમ કમાણી કરવા માટે રાજસ્થાનથી વિદેશી દારૂનો મોટો જથ્થો મંગાવ્યો હતો પરંતુ દારૂનું કટીંગ થાય તે પહેલા જ ક્રાઈમ બ્રાંચને મળેલી ચોક્કસ બાતમીના આધારે મોડી રાત્રે બામણબોર નજીક વોચ ગોઠવી ટેન્કરમાં ચોરખાનું બનાવી તેમાં છુપાવેલ ૨૪.૧૯ લાખની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરી દારૂ કોણે મોકલ્યો અને કોણે મંગાવ્યો તે મુદ્દે આરોપીની સઘન પુછપરછ હાથ ધરવામાં આવી છે.રાજકોટ શહેરમાં દિવાળીના તહેવાર ટાણે જ વિદેશી દારૂ મળતો ન હોય જેના કારણે દારૂના ભાવ આસમાને પહોંચી ગયા છે. જ્યારે બુટલેગરો ધૂમ કમાણી કરવાના ઈરાદે રાજસ્થાનથી ચોરી-છૂપેથી વિદેશી દારૂનો જથ્થો મંગાવી રહ્યા છે. જેમાં ગઈકાલે રાજકોટના બુટલેગરે રાજસ્થાનથી વિદેશી દારૂ મંગાવ્યો હોવાની ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી.પોલીસે બાતમીના આધારે

બામણબોર હાઈવે પર પ્રભુકૃપા ફાર્મ પાસે વોચ ગોઠવી હતી. જેમાં શંકાસ્પદ હાલતમાં ચોટીલા તરફથી આવેલ ટેન્કર અટકાવી તેની તલાશી લેતા ડીઝલ ટેન્કરમાંથી ચોરખાના મળી આવ્યા હતા. જેની બારીકાઈથી તપાસ કરતા ચોરખાનામાંથી અલગ-અલગ બે બ્રાન્ડની રૂ. ૨૪,૧૯,૫૦૦ની કિંમતની ૬,૩૦૦ બોટલ વિદેશી દારૂ મળી આવતા ડ્રાયવર રાજસ્થાનના બાડમેર જિલ્લાના ભવાની પુર ગામના શ્રવણકુમાર પાંચારામ કડવાસરા (ઉં.વ.૩૩) નામના બિશ્નોઈ શખ્સની ધરપકડ કરી હતી.ક્રાઈમ બ્રાંચે આરોપી પાસેથી ૨૪.૧૯ લાખની કિંમતનો વિદેશી દારૂ, બે મોબાઈલ ફોન અને ૧૦ લાખનું ટેન્કર મળી કુલ ૩૪.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે ગુનો નોંધ્યો હતો. વિદેશી દારૂ કોણે મંગાવ્યો હતો અને રાજસ્થાનમાંથી વિદેશી દારૂ કોણે ભરી આપ્યો હતો તે મુદ્દે પોલીસે આરોપીની સઘન પુછપરછ હાથ ધરી છે. અને આરોપી પાસેથી મળી આવેલ મોબાઈલ ફોનની કોલ ડિટેઈલ પણ કઢાવવામાં આવી છે.આ કામગીરી ક્રાઈમ બ્રાંચના પીઆઈ વાય.બી. જાડેજા, બી.ટી. ગોહિલ, પીએસઆઈ જે.ડી. પટેલ, એએસઆઈ રણજીતસિંહ પઢારિયા, દિપસિંહ જોડેજા સહિતના સ્ટાફે કરી આરોપીને રિમાન્ડ પર લેવાની કાર્યવાહી હાથ ધરી છે.

સૌરાષ્ટ્રનાં યાર્ડોમાં ડુંગળીના ભાવમાં ફરી ભડકો : એક મણના રૂ.૯૦૦થી વધુ ભાવ

રાજકોટ.તા.૭

દિવાળી પહેલા ડુંગળીના ભાવ ફરી આસમાને પહોંચે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં આજથી ડુંગળીની આવક શરૂ થઈ છે અને હરાજી કરવામાં આવી છે. જેમાં રૂપિયા ૫૦૦ થી માંડી ૯૦૦ ઉપરના ભાવો પ્રતિ ૨૦ કિલોના ખુલ્યા છે. યાર્ડના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કેટલીક નબળી ડુંગળી ૫૦૦ થી નીચેના ભાવે પણ વેચાતી હતી તો સૌથી વધુ ભાવ રૂપિયા ૯૦૫ પ્રતિ ૨૦ કિલોના ભાવ પણ ખેડૂતોને મળ્યા હતા. જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોની ડુંગળીની હાલ તો આવક શરૂ થઈ છે અને ઓછો માલ આવવાને કારણે ભાવો પણ ધીમે ધીમે વધી રહ્યા છે. જેથી સ્ટિઈલ માર્કેટમાં હાલ ૫૦ થી ૮૦ રૂપિયા પ્રતિ ૧ કિલો આસપાસ મળતી ડુંગળી દિવાળીના તહેવારો આસપાસ રૂ.૧૦૦ ઉપરના ભાવે પ્રતિ કિલો મળે તો પણ નવાઈ નહિ.

ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા ૫ દિવસમાં ડુંગળીના ભાવમાં ધરખમ વધારો દેખાઇ રહ્યો છે. ડુંગળીના ભાવ વધતા વઢવાણ યાર્ડમાં પણ તેની ખરીદી પર અસર જોવા મળી હતી.

મહિના પહેલાં રૂ.૪૦માં મળતી ડુંગળી રૂ.૧૦૦ સુધી પહોંચી જતાં ખરીદીમાં ૩૦૦ મણ સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે. અહીં રાજકોટ, અમદાવાદ તેમજ વડોદરાથી યાર્ડમાં ડુંગળી આવે છે. ત્યારે છેલ્લા પાંચ દિવસોથી ડુંગળીના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. કારણે પહેલા એક કિલોએ ડુંગળીના ભાવ ૩૦-૪૦ હતા. અને ૫૦૦-૬૦૦મણ ડુંગળીની ખપત થતી હતી. જે હાલ ડુંગળીનો એક કિલોએ રૂ. ૮૦થી ૧૦૦ થઈ ગયા છે. વેપારી સૂત્રોએ જણાવ્યું કે, છેલ્લા થોડા દિવસોમાં ડુંગળી ઉપરથી જ ઓછા પ્રમાણમાં આવી રહી છે. પહેલા જ એક ગાડી આવતી હતી તે હાલ અડધી ગાડી ડુંગળી ભરેલી આવી રહી છે. જેના કારણે તેના ભાવમાં વધારો જોવા મળી રહી છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫ ડિસેમ્બર

દિવાળી વેકેશનના કારણે ફોર્મ ભરવાની મુદત વધારાઇ

રાજકોટ.તા.૭

આગામી માર્ચ ૨૦૨૪માં યોજાનારી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષાના ફોર્મ ઓનલાઈન જાહેર કરી દેવાયા છે. અગાઉ, ધો.૧૦ અને ૧૨ સાયન્સના બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. ત્યારે ગઈકાલથી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના બોર્ડ પરીક્ષાના ફોર્મ પણ ઓનલાઈન જાહેર કરી દેવાયા છે અને બપોરથી જ ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ હતી. ધો.૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫ ડિસેમ્બર છે.તારીખ ૧૫ ડિસેમ્બર સુધી ચાલુ વર્ષના રેગ્યુલર તેમજ અગાઉના વર્ષમાં નાપાસ થયેલા રીપિટર અને સ્ટેટ ઓપન સ્કૂલિંગ હેઠળ ખાનગી તેમજ પૃથ્વક સહિતના તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકશે. આ વર્ષે સરકારે ઓપન સ્કૂલિંગ હેઠળ નવી પોલિસીમાં વિદ્યાર્થીઓને અભ્યાસની પણ છુટ આપતા ધો.૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષાના વિદ્યાર્થીઓ આ વર્ષે વધશે. ૨૧ દિવસનું દિવાળી વેકેશન વચ્ચે આવતા બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં પણ ફોર્મ ભરવાની મુદત એક મહિના કરતા વધુ સમય માટે અપાઈ છે.

રાજકોટનું સેટેલાઈટ બસ સ્ટેશન = દુવિધાઓનું સ્ટેશન

લોકાપર્ણ સમયેની તસવીર

- બેની બદલે એક જ શિફ્ટમાં ઈન્કવાયરી વિન્ડો ખુલ્લી રહેતા મુસાફરો પરેશાનઃ સાંજે ૫ પછી ઈન્કવાયરી વિન્ડોમાં કોઈ નહીં
- બસ સ્ટેશનથી રાજકોટથી ભાવનગર, તળાજા, મહુવા, રાજુલા, જસદણ, બોટાદ સહિતની બસ પસાર થવાના બણગા ફુંકાયા પરંતુ હકીકત કંઈક અલગ જ
- અનેક બસો તો અમુલ સર્કલ સુધી જ પહોંચે બસ સ્ટેન્ડમાં પણ ન આવતી હોવાનો સુર
- ૧૩૨૬ ચોરસ મીટર જગ્યામાં ૧૩ પ્લેટફોર્મ સાથે ૪.૫૦ કરોડના ખર્ચે તૈયાર કરેલ બસ સ્ટેન્ડમાં આયોજની ખામી

હાલની પરિસ્થીતી

રાજકોટ.તા.૭

રાજકોટએ સૌરાષ્ટ્રનું પાટનગર છે અને રાજકોટ પણ દિવસે દિવસે ચારેય દિશામાં આગળ પથરાઈ રહ્યું છે ત્યારે એક બાદ એક માળખાકીય સુવિધામાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે. રાજકોટના ઢેબર રોડ પર બસપોર્ટ બન્યા બાદ શહેરમાં અલગ-અલગ જગ્યાએ બસસ્ટેન્ડ બનાવવા સરકારે જાહેરાત કર્યા બાદ રાજકોટના ભાવનગર રોડ પર સેટેલાઇટ બસ સ્ટેશન તૈયાર કરાયું હતું. આ બસ સ્ટેન્ડ ૧૩૨૬ ચોરસ મીટર જગ્યામાં ૧૩ પ્લેટફોર્મ સાથે ૪.૫૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે.

રાજકોટ શહેરના ઢેબર રોડ પર આવેલ મુખ્ય બસપોર્ટ પરનું ભારણ ઘટાડવા માટે ભાવનગર રોડ પર અમૂલ સર્કલ પાસે ૧૩૨૬ ચોરસ મીટર જગ્યામાં સેટેલાઈટ બસ સ્ટેશન તૈયાર કરાયું હતું જ્યાં દરરોજ ૨૦૦ બસની અવરજવર રહેવાની વાત કરાઇ હતી. જ્યાંથી જસદણ, આટકોટ, અમરેલી, ભાવનગર જતી બસ મળશે અને ત્યાંથી આવતી બસ અન્ય કોઈ જગ્યાએ જતી હશે તો તેની ફ્રિક્વન્સી પણ મળે તેવી વ્યવસ્થા કરવાના બણગા ફુંકાયા હતા.

નવનિર્મિત રાજકોટ સેટેલાઈટ એસ.ટી. બસ સ્ટેન્ડનું રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરીયા તથા ગૃહ, વાહન-વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારથી લઈને આજની પરિસ્થતી કંઈક અલગ જોવા મળી રહી છે.

ત્યારે જાણવા મળ્યું કે, લોકાર્પણ બાદ આ બસ સ્ટેન્ડ દુવિધાઓનું ઘર બન્યું છ તો સાથે જ રિઝર્વેશન પાસની બારી પણ બંધ રહેતી જોવા મળી રહી છે. તેમજ બેની બદલે એક જ શિફ્ટમાં ઈન્કવાયરી વિન્ડો ખુલ્લી રહેતા મુસાફરો પરેશાન થઇ રહ્યા છે. પૂછપરછ માટેની બારીમાં સવારે એક વ્યક્તિ સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધી હોય છે. જ્યારે ૫ પછી મુસાફરોને કોઈ બસની પૂછપરછ કરવી હોય તો ત્યાં કોઈ હોતું જ નથી.

ભાવનગર રોડ પર રૂપિયા ૪.૪૭ કરોડના ખર્ચે સેટેલાઈટ બસ સ્ટેશન તૈયાર કરવામાં આવ્યું છે. લોકાર્પણ સમય હતો સુવિધા મળવાના બણગા ફૂંકવામાં આવ્યા હતા. પરંતુ તપાસ કરતાં જાણવા મળ્યું કે, અહીંયા તો સુવિધાને લઈને મુસાફરો હાલાકી ભોગવી રહ્યા છે.અહીંથી એક પણ બસ ઉપડતી નથી ખાલી બસ સ્ટેશન પર પાસપોર્ટ થી આવતી બસની અવરજવર થાય છે. અને પેસેન્જરને જવાબ આપવા માટે કોઈ હાજર હોતું નથી.

ઉલ્લેખનીય છે કે નવા બનેલા આ સેટેલાઈટ બસ સ્ટેશનમાં વિદ્યાર્થી અને મુસાફર પાસ, ઓનલાઈન ટિકિટ બૂકિંગ, એનાઉન્સમેન્ટ, ફાયર અલાર્મની સાથે નાના બાળકોને માતાએ ફીડીંગ કરાવવું હોય તો તે માટે અલગ રૂમ પણ બનાવવામાં આવેલ છે. પરંતુ હજુ સુધી પુરતી બસ પણ મળી નથી રહી તો બાકીની સુવીધા કેવી હશે તે સ્પષ્ટ પણે જાણી જ શકાય છે. બસ ચાલકો બસ સ્ટેન્ડ સુધી પણ આવતાની અને અમુલ સર્કલથી જ નીકળી જતા હોવાની વાતો પણ ચર્ચાઇ છે. એસટીના ઉચ્ચ અધિકારીઓને આ મામલે અનેક રજુઆત કરાઇ છે છતાં પણ કોઇ કાર્યવાહી હાથ ન ધરાઇ હોવાનું મુસાફરોએ આક્રોશ વ્યક્ત કર્યો છે.

ઉપરાંત એસટી નિયામક રાજકોટ પત્ર લખીને સંબધીત વિભાગોમાં જાણ કરી હોવા છતા પરિસ્થતી જૈસે થે જેવી રહી જવા પામી છે. તહેવારનો સમય છે. હાલમાં બહાર ગામ જનાર મુસાફરોનો ધસારો બસ સ્ટેન્ડ ખાતે જોવા મળતો હોય માટે તાત્કાલીક એસટી વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળ વિઝીટ કરીને પ્રશ્નનું નિરાકરણ લાવે તેવી માંગ મુસાફરોમાં ઉઠવા પામી છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.